# ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનના ઈતિહાસની ઝાંખી.

# (૨૦૦૧ થી ૨૦૧૫)

આ છે હ્યુસ્ટનના આંગણે ઊગેલો ગુજરાતી ભાષાનો તુલસીક્યારો,જેમાં રોજ અવનવા હસ્તે અક્ષર–જળનું સિંચન થયા કરે છે, વિવિધ વિચાર–કિરણોના તેજ પથરાયા કરે છે અને ભાવકો તથા સહાયકોની શીતળ હવા ભળ્યા કરે છે.એ રીતે માતૃભાષાનો છોડ લીલોછમ રાખવા પ્રયાસો થાય છે.આ નમ્ર અભિવ્યક્તિ સાથે, સૌ વાચકો અમારી આ શબ્દ–પૂજામાં આનંદપૂર્વક જોડાશે તેવી આશા છે. – દેવિકા ધ્રુવ.

# ગુજરાતી સાહિત્ય સરિતા,

# હ્યુસ્ટન.

Copyright © 2015 Gujarati Sahitya Sarita

All rights reserved

**ISBN-13:**

**978-1515204138**

**ISBN-10:**

**1515204138**

Your book has been assigned a CreateSpace ISBN.



सरस्वत्यै नमो नित्यं भद्रकाल्यै नमो नमः॥

केयुराणि न भूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालंकृता मूर्धजा।
वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषण भूषणम्॥

ગુજરાતનો સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો લગભગ  ૧૦૦૦ વર્ષ જેટલો પ્રાચીન છે. તેની અભિવ્યક્તિનું માધ્યમ ગુજરાતી ભાષા રહ્યું છે અને દેશમાં કે વિદેશમાં ગુજરાતી પ્રજા, સાહિત્ય અને કલાની પરમ ઉપાસક રહી છે. હ્યુસ્ટનના વિવિધ ગુજરાતી વૃંદો ભાષાની રિયાસતના ઉંચા સિંહાસને બિરાજમાન છે. આ સભાનતા સાથે છેલ્લાં ૧૫ વર્ષથી ગુજરાતી સાહિત્ય સરિતા, ભાષાના પટોળામાં અજબગજબના રંગો પૂરીને એક અનોખી ચુંદડી બનાવવાનો સતત પ્રયાસ કરતી રહી છે. હવે આ અવનવા અને વિવિધ બિંદુઓનો એક સિંધુ બનાવવા પ્રયત્નશીલ છે.

# અનુક્રમણિકા


1. સંસ્થાની સ્થાપના, પૂર્વભૂમિકા અને હેતુ ૧

2. પા પા પગલી ૪

3. સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિનો ક્રમિક ઇતિહાસ અને વિકાસ–(૨૦૦૧ થી ૨૦૧૫) ૭

4. સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની યાદી–ફોટા સહિત (૨૦૦૧ થી ૨૦૧૫) ૧૧

5. સંસ્થાના સર્જકો ૩૧

6. સંસ્થાના સર્જકોના પ્રસિધ્ધ થયેલાં પુસ્તકોના નામો ૮૨

7. સંસ્થાના સહાયકો ૮૮

8. ઉપસંહાર ૯૧

# પ્રકરણ ૧
# સ્થાપના, પૂર્વભૂમિકા અને હેતૂ

સાહિત્ય જગતમાં જેનો ધ્વજ આજે સન્માનપૂર્વક ફરફરતો છે તેવી ગુજરાતી સાહિત્ય સરિતા, હ્યુસ્ટનની સ્થાપના આજથી ૧૫ વર્ષ પૂર્વે થઈ. ૨૦૦૧માં વ્યવસ્થિત રીતે આ સંસ્થાનો આરંભ થયો તેની પૂર્વભૂમિકા, ઈતિહાસ અને વિકાસયાત્રા ખુબ રસપ્રદ છે. એટલું જ નહિ, ગુજરાતી ભાષાને જાળવી રાખવા ઈચ્છતી આજની અને આવતી કાલની પેઢીને માટે જરૂરી અને માર્ગદર્શક પણ અવશ્ય છે જ. તેની પૂર્વભૂમિકા કંઈક આ પ્રમાણે છે.

અમેરિકાના મોટાભાગના દરેક શહેરોમાં ગુજરાતીઓ 'ગુજરાતી સમાજ' નામે વિવિધ રીતે ગુજરાતને જીવંત રાખે છે. તે રીતે હ્યુસ્ટનમાં જુદી જુદી સાંસ્કૃતિક પ્રવૃતિઓ ચાલતી હતી. ૧૯૯૭–૯૮માં હ્યુસ્ટનના તે વખતના ગુજરાતી સમાજના પ્રમુખે કેટલાંક મિત્રોને ફોન કરી જણાવ્યું કે "સાહિત્યકાર શ્રી ગુણવંત શાહ આવે છે. પાછલા વર્ષના પ્રમુખનો આગ્રહ છે કે આવા મોટા ગજાનો લેખક અહીં આવે અને સાંભળનારા ઓછા હોય તો સમાજનુ ખરાબ દેખાય. "દર્પણ" (ગુ.સ.નુંમાસિક) નીકળી ગયુ છે તેથી તમે તમારા મિત્રોમાં ફોન કરો."

શ્રી દીપકભાઈ ભટ્ટ, હેમંતભાઈ ગજરાવાલા, અશોકભાઈ પટેલ, નવીનભાઈ બેંકર, વિજયભાઈ શાહ, સર્યૂબેન પરીખ, રસેશભાઈ દલાલ, વિનોદભાઈ પટેલ, જેવાં દસેક મિત્રોને ફોન કર્યા અને દરેકને એ જ વિનંતી કે તમે જેને જાણતા હોય તેમને ફોન કરજો. કહેવાય છે કે, 'સાક્ષર સર્વત્ર પૂજ્યતે' ની જેમ સૌના સુખદાશ્ચર્ય સાથે તે દિવસે ૧૦૦ જેટલી હાજરી હતી. દરેકને ગુણવંત શાહ ને સાંભળવા ગમ્યા અને નવી વિચારધારાએ જન્મ લીધો. તે પછી થોડા સમય માટે ૧૫ થી ૨૦ જણનું એક 'સાહિત્ય–પરિચય' જેવું વૃંદ રચાયું તે થોડો વખત ચાલ્યું. પણ તેમાંથી એક વાત સમજાઈ કે હ્યુસ્ટનમાં ગુજરાતી સારા કાર્યક્રમો થઇ શકે છે. ફક્ત કમી છે એ બન્નેને જોડતી સંસ્થાની. આ વિચારને પુષ્ટી મળી શ્રી દીપકભાઈ ભટ્ટના કાર્યક્રમ "આપણો અમર વારસો" નામે સાહિત્ય મીટીંગ થકી. તેમણે ૨૩ સપ્ટેમ્બરે ૨૦૦૧ માં પ્રથમ બેઠક તેમના ઘેર રાખી. આ મીટીંગમાં શ્રી ચીમન પટેલ, વિજય શાહ, કરાંચીથી આવેલ શ્રી રસિક મેઘાણી વક્તા હતાં. તે વખતના ગુજરાતી સમાજના ત્રણ પ્રમુખો અને સીનીયર સીટીઝનના પ્રમુખ શ્રી મથુરભાઇ કોઠારી, સાગરભાઈ મીસ્ત્રી અને શ્રી અંબુભાઇ દેસાઇના આશિર્વચનો સાથે મીટીંગ શરુ થઇ. ૪૨ માણસોની આ બેઠક આખી રસપ્રદ રહી.

આ રસ જળવચેલો રહે તે હેતુથી તે જ મીટીંગમાં મહિના પછીની તારીખ જાહેર કરી અને ગ્રુપનાં નામાભિધાન માટે ઈ.મેઈલ દ્વારા સૂચનો મંગાવવામાં આવ્યાં. ધાર્યા કરતા વધુ ઈ મેલ આવ્યા અને સૌથી વધારે સુચવાયેલ નામ "ગુજરાતી સાહિત્ય સરિતા" સ્વીકારાયુ. આમ, સાહિત્ય સરિતાનો જન્મ થયો.

ગુજરાતી સાહિત્ય સરિતા આમ જોઈએ તો ગણ્યાં ગાંઠ્યા સાહિત્ય પ્રેમીઓનું સ્વપ્ન હતું અને તેઓનાં સ્વપ્નને દીર્ઘ દ્રષ્ટા દિપકભાઈ ભટ્ટે તથા માનદ શાયર આદિલ મનસુરીએ આ રીતે કંડારેલું.

- ગુજરાતી સર્જકો અને કવિઓનો અમર વારસો જાળવી રાખવો.
- ગુજરાતી ભાષાનું સર્જન, સંવર્ધન, પ્રચાર અને પ્રસાર.
- મહિનામાં એક વાર બેઠક યોજીને સ્થાનિક નવોદિત સર્જકોને માટે મંચ પૂરું પાડવું.
- ઉચ્ચ કક્ષાના લેખકો કે કવિઓને આમંત્રણ આપી, સ્થાનિક સર્જકોનું સ્તર ઉંચું લાવવા પ્રયત્નશીલ રહેવું.
- અન્ય લલિત કલાના કાર્યોમાં સહકાર આપવો.

# પ્રકરણ ૨
# પા પા પગલી

દર મહિનાના એક શનિવારે નિયમિત રીતે ‘સાહિત્ય સરિતા’ ની બેઠક થવા માંડી. નક્કી કરેલ વિષય પર પદ્ય રચનાઓ થાય, વંચાય, ક્યારેક વાર્તા કે નિબંધ ચર્ચાય, નવી વાતો વિચારાય અને અહેવાલો પણ લખાય. વિનોદ પટેલ "દર્પણ"માં અહેવાલ આપતા, નવિન બેંકર "ગુજરાત ટાઈમ્સ" અને "ગુજરાત દર્પણ" માં સહિત્ય સરિતાની ગતિવિધી ચમકાવતા, સ્વ.પ્રોફેસર સુમન અજમેરીના શબ્દોમાં કહીએ તો 'સાહિત્ય સરિતા'ની પ્રતિમાસ સાયંકાળે બેઠક મળતી થઈ. આ બેઠકમાં ૪૦ થી ૪૫ સાહિત્ય–સેવીઓ અને શબ્દકર્મીઓ હાજરી આપતા. બેઠકમાં સર્જકો પોતાની કૃતિઓ રજુ કરે જેનો આરંભ સ્વરચિત કાવ્યોથી થાય. કાવ્યો ઉપરાંત વાર્તા, નિબંધ, સંવાદ પત્ર, રેખાચિત્રો વિગૈરેની પ્રસંગોપાત ચર્ચા થતી રહે.

એક દિવસ એક વિચારધારા વહેતી મૂકાઈ કે, “આપણુ વૃંદ સરસ કામ કરે છે તો સ્થાનિક સર્જકોને સાહિત્ય જગતનાં પ્રવાહોથી વાકેફ કરવા નિષ્ણાતોને આમંત્રણ આપીયે તો?!! “આ વિચારને કારણે, પહેલા વર્ષના સમાપનની ઉજવણી સ્વરુપે એક કાર્યક્રમનુ આયોજન થયુ. યુ.કે.થી ગઝલકાર ડૉ અદમ ટંકારવી, ન્યુ જર્સી થી આદિલ મન્સૂરી અને કેનેડાથી શૈલેશ દેસાઈ અને નીતાબેનને બોલાવી ગઝલ સંધ્યાનું આયોજન થયું. લગભગ ૪૫૦ જેટલા ગુજરાતીઓની હાજરીમાં ત્રણ–ચાર કલાક ચાલેલા પ્રોગ્રામનનાં સફળ કવિ હતા અદમ ટંકારવી અને આદિલ મનસુરી. તે વખતે સાત કવિ અને લેખકોએ તેમની ડાયરીને પુસ્તકમાં પરિવર્તિત કરી.

કાવ્ય સંગ્રહઃ “કાવ્યસુંદરીની સાથે સાથે” _વિશ્વદીપ બારડ
કાવ્ય સંગ્રહઃ “મનોકલ્પ “_ મનોજ મહેતા

હાસ્યલેખ સંગ્રહઃ " ભારે હૈયે" ચિમન પટેલ

કાવ્ય સંગ્રહઃ "શુષ્ક ભીની આંખે" અબ્દુલ રઝાક મેઘાણી " રસિક"

કાવ્ય સંગ્રહઃ "મારી મનોગંગા" ગિરીશ દેસાઇ

કાવ્ય સંગ્રહઃ "તમે એટલે આપનું વિશ્વ" વિજય શાહ

કાવ્ય સંગ્રહઃ " હળવાશો આ ભારે ભારે. " હિંમત શાહ

સાત સર્જકોએ તેમના પુસ્તકો બહાર પાડ્યા અને આદિલ મન્સુરીના મુખેથી શબ્દો સરી પડ્યા "હ્યુસ્ટન તો અમેરીકાનું ગુજરાતી ભાષાનુ પાટનગર છે, જ્યાં ગુજરાતી ભાષાનાં સંવર્ધન અને સંરક્ષણ ઉપર પૂરતું ધ્યાન અપાય છે."

# પ્રકરણ ૩

## સંસ્થાની પ્રવૃત્તિ અને પ્રગતિનો ક્રમિક ઈતિહાસ અને વિકાસ

- ૨૦૦૧–સપ્ટે.મહિનામાં સાહિત્ય સરિતાની સ્થાપના.

- ૨૦૦૨– ઓક્ટો.માં પ્રથમ માર્ગદર્શી મુલાકાતી નામાંકિત ગઝલકાર શ્રી આદિલ મન્સૂરી અને અદમ ટંકારવી હતાં.તેમની હાજરીમાં સાહિત્ય–સર્જન અને શિબિર–પર્વની ઉજવણી. મહાત્મા ગાંધી હોલમાં પાદપૂર્તી હરિફાઈ પણ ત્યારે જ થઈ. ગુજરાતી સાહિત્ય સરિતાની વેબસાઇટનો પ્રારંભ.

- ૨૦૦૩– ફ્લોરીડાથી ડૉ. દિનેશ શાહ, રમેશ પટેલ "પ્રેમોર્મિ"અને ડૉ.સ્નેહલતા પંડ્યાનું આગમન અને તેમની સાથે બેઠક.

- ૨૦૦૪–માર્ચ મહિનામાં કવિ શ્રી રઈશ મનીયારનો કાર્યક્રમ ગોઠવાયો. જુન મહિનામાં ચીનુ મોદી સાથે બેઠક યોજાઈ. સપ્ટે.માં યુકે.થી ગઝલકાર શ્રી 'અદમ' ટંકારવી અને શ્રી અહમદ'ગુલ' સાથે બેઠક.

- ૨૦૦૫– વિશાલ મોણપરા દ્વારા ગુજરાતી કીપેડની શોધ.
કવિ શ્રી અનિલ જોશી અને ગઝલકાર શ્રી શોભિત દેસાઈ સાથે
કવિ સંમેલન યોજાયુ.
- ૨૦૦૬–જુન મહિનામાં કવિ શ્રી વિનોદ જોશી સાથે કાવ્યસંધ્યા.
તે જ વર્ષે શેર–અંતાક્ષરીનો પ્રથમ પ્રયોગ થયો.

- ૨૦૦૭–જુલાઈમાં પ્રીતિ સેનગુપ્તા સાથે પ્રવાસ–વર્ણનનું પ્રવચન તથા શ્રી મહેન્દ્ર મેઘાણી સાથે એક બેઠક. સપ્ટે.માં કવિ અને ગઝલકાર શ્રી રઈશ મનીયાર સાથે ગઝલ સંધ્યાનું આયોજન. બીજે દિવસે 'ગઝલ વર્કશોપ' દ્વારા ગઝલનું માર્ગદર્શન આપવામાં આવ્યું. ઓક્ટો.માં ગઝલકાર જવાહર બક્ષી સાથે સાહિત્યગોષ્ઠિ અને વેબસાઈટ વિમોચન.**www.gujaratisahityasarita.org** નવેમ્બરમાં શેરાક્ષરીનો ફરી પ્રયોગ કરવામાં આવ્યો.

- ૨૦૦૮– માર્ચમાં શાંગ્રિલા આર્ટ ગેલેરીમાં ૫૭ જેટલાં શેરોની રમઝટ મચાવતો શેરાક્ષરીનો વધુ એક પ્રયોગ કર્યો.મે મહિનામાં ભારતથી પધારેલ સાહિત્યના વિદ્વાન શ્રી સુમન શાહ સાથે  બેઠક યોજાઈ. જૂન મહિનામાં પત્રશ્રેણીનું નાટક ભજવાયુ. ઑગષ્ટમાં 'ચલો ગુજરાત'ના વૈશ્વિક અધિવેશનમાં ભાગ લીધો. સપ્ટે.માં ભારતથી અમેરિકાની મુલાકાતે આવેલ કવિ શ્રી ગૌરાંગ દિવેટીઆ સાથે બેઠક અને સાહિત્ય ગોષ્ઠિ યોજાઈ.

- ૨૦૦૯–જાન્યુ.માં 'ગાંધી નિર્વાણ દિન'ની ઉજવણીના ભાગ રૂપે આર્યસમાજ હોલમાં ૩૦મી જાન્યુ.૧૯૪૮ની ગાંધીબાપુની અંતિમ પળોની ઝલકની ઝાંખી નાટ્યરૂપે કરાવી. મે મહિનામાં ફ્લોરીડાના વૈજ્ઞાનિક / કવિ શ્રી ડો.દિનેશ શાહ અને ગઝલકાર શ્રી હિમાંશુ ભટ્ટ સાથે બેઠક.  પ્રથમ શબ્દસ્પર્ધાનું આયોજન. પ્રયોગ  ૨૦૧૦માં કરવામાં આવ્યો.

  ૨૦૧૦–વાંચનયાત્રાના વિરલ યાત્રી મહેન્દ્ર મેઘાણી સાથે બેઠક. "સ્વર્ણિમ ગુજરાત'ની ઉજવણીમાં 'એક અનોખી મહેફિલ' નાટક અને ગુજરાતના ઝળહળતા દીવડાનો ગરબો રજૂ કરવામાં આવ્યાં. જુલાઈ મહિનામાં શ્રી બલવંત જાનીનુંપ્રવચન અને વાર્તાલાપ.  ઑગષ્ટ મહિનામાં 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ'માં સાહિત્ય સરિતાના બે સભ્યોનું સન્માન થયું.

- ૨૦૧૧ –માર્ચ મહિનામાં 'દશાબ્દિ મહોત્સવ'– શિકાગોના ગઝલકાર શ્રી અશરફ ડબાવાલા અને શ્રીમતિ મધુમતીબેન મહેતાના અતિથિપદે 'સ્ટેફર્ડ સીવિક સેન્ટર'માં સ્ટેઈજ શો કરવામાં આવ્યો.તેના જ ભાગ રૂપે બીજા શો તરીકે મે મહિનામાં 'હું રિટાયર થયો' નાટક ભજવાયું. મે મહિનામાં સુરતના કવિ/ડો. વિવેક ટેલર સાથે બેઠક કરવામાં આવી. જુલાઈ માસમાં હાસ્યલેખક શ્રી હરનીશ જાની સાથે બેઠક.વલીભાઈ મુસા સાથે એક બેઠક.

- ૨૦૧૨– જુલાઈ માસમાં જાહેર પાર્કમાં, ખુલ્લાં આકાશ નીચે ઉજાણી સાથે સાહિત્યની બેઠક થઈ. એવી જ રીતે ૨૦૦૮, ૨૦૧૦ અને ૨૦૧૩નાં ઉનાળા સમય દરમ્યાન પણ ઉજવણી થઈ.

- ૨૦૧૩–માર્ચ મહિનામાં ભારતના ફીલીંગ્સ મેગેઝીનના તંત્રી/પ્રકાશક શ્રી અતુલભાઈ શાહ સાથે બેઠક ચોજાઈ. જૂન મહિનામાં ભારતથી પધારેલ ખ્યાતનામ વાર્તાકાર શ્રીમતિ નીલમબેન દોશી સાથે બે દિવસની મુલાકાત અને ‘વાર્તાનું વર્કશોપ’ સમી ચર્ચા/સમીક્ષાનું આચોજન કરવામાં આવ્યું. સપ્ટેમ્બરમાં ‘વેબગુર્જરી’વતી ગુજરાતી કીપેડના સંશોધક શ્રી વિશાલ મોણપરાનું બહુમાન કરવામાં આવ્યું. તે સમચે સૌ પ્રથમ ‘ગુગલ હેંગ આઉટ’નો સફળ પ્રચોગ કરવામાં આવ્યો. નવેમ્બર મહિનામાં કવિ મહેમાન ડો. ચન્દ્રવદન મિસ્ત્રી સાથે બેઠક.

- ૨૦૧૪– ઓકટો.મહિનામાં ડાચસ્પોરિક સાહિત્ય સંશોધક ડો.બળવંત જાની સાથે વાર્તાલાપ ચોજાચો. નવેમ્બર મહિનામાં ‘કાવ્યોત્સવ’ની ઉજવણી–કવિ શ્રી કૃષ્ણ દવે અને અદમ ટંકારવીના સાંનિધ્યમાં કરવામાં આવી. બીજે દિવસે ‘કવિતા અને ગઝલ વર્કશોપ’નું આચોજન પણ થયું.

- ૨૦૧૫–માર્ચ  મહિનામાં નાસા કેન્દ્રના વૈજ્ઞાનિક/કવિ ડો.કમલેશ લુલ્લાનું તેમને મળેલાં ઘણાં  એવોર્ડો અંગે બહુમાન કરવામાં આવ્યું.જુલાઈ માસમાં કેલીફોર્નીઆથી પધારેલ, ૯૬ વર્ષના શ્રી હરિકૃષ્ણ મજમુદાર સાથે એક બેઠક. ઑગષ્ટ મહિનામાં ગઝલકાર ડો.રઈશ મનીચારના કાર્યક્રમનું આચોજન કરવામાં આવ્યું. તે સમચે સાહિત્ય સરિતાના ૧૫ વર્ષના ઈતિહાસની ઝાંખી કરાવતી આ પુસ્તિકાની ભેટ. કવિતા વર્કશોપનો લાભ પણ ત્યારે મળ્યો.

# પ્રકરણ–૪

# સંસ્થાની મુલાકાતે આવી ચૂકેલા મહાનુભવોની વર્ષ મુજબ યાદી–ફોટા સહિત.

આદિલ મન્સુરી



૨૦૦૨

આદિલ મન્સુરી




૨૦૦૨

## આદિલ મન્સુરી અને અદમ ટંકારવી



૨૦૦૨

## આદિલ મન્સુરી અને અદમ ટંકારવી



૨૦૦૪

## શિબિર પર્વ



૨૦૦૫

કવિશ્રી શોભિત દેસાઇ–૨૦૦૫




૨૦૦૬




૨૦૦૬

કવિ શ્રી વિનોદ જોશી



૨૦૦૭

પ્રીતિ સેનગુપ્તા



૨૦૦૭



૨૦૦૭

**ડૉ કવિ શ્રી રઈશ મનીઆર**



૨૦૦૭

ડૉ કવિ શ્રી રઈશ મનીઆર



૨૦૦૭

બેઠકમાં મહેમાન કવિ ઈન્દ્ર શાહ અને મીના શાહ



૨૦૦૮

શેર અંતાક્ષરી ભાગ–૨




૨૦૧૦.

શ્રી નવીન બેંકર અને શ્રી ધીરુભાઈ શાહ.

હ્યુસ્ટનના સ્પીરીટ ઓફ 'ટાગોર' એવોર્ડ વિજેતા સભ્યો.




શબ્દસ્પર્ધા–૨૦૧૦



શબ્દસ્પર્ધા–૨૦૧૦





૨૦૧૦

શ્રી મહેન્દ્ર મેઘાણી–૨૦૧૦



૨૦૧૦

નાટક–'એક અનોખી મહેફિલ'–



૨૦૧૦

સ્વર્ણિમ ગુજરાતનો દીવડા ગરબો.



હ્યુસ્ટનમાં ગુજરાતી સમાજના નેજા હેઠળ સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી

૨૦૧૦



# હ્યુસ્ટનસ્થિત ગુજરાતી સાહિત્ય સરિતાના દશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી

નવીન બેન્કર

હ્યુસ્ટનના જૂના સ્ટેફર્ડ સિવિક સેન્ટરના વિશાળ હૉલમાં ૧૨મી માર્ચ, શનિવારે રાતે 'ગુજરાતી સાહિત્ય સરિતા'એ પોતાનાં દસ વર્ષ પૂર્ણ કર્યાની ખુશાલીમાં દશાબ્દી મહોત્સવનું ભવ્ય આયોજન કર્યું હતું. આઠ ને દસ મિનિટે કાર્યક્રમના આયોજક રમેશ દલાલ અને સંસ્થાનાં સંચાલક દેવિકાબહેન ધ્રુવે પ્રેક્ષકોના સ્વાગતથી મહોત્સવની શરૂઆત કરી. પ્રારંભમાં વીરેન્દ્ર બેન્કરના કંઠે દેવિકા ધ્રુવરચિત શારદસ્તુતિ અને હેમંત ભાવસારના કંઠે વિનોબા ભાવેની પ્રાર્થના રજૂ કરાઈ. આ પછી દીપપ્રાગટ્ય વિધિ થઈ હતી.

આ પ્રસંગે આમંત્રિત મુખ્ય મહેમાનપદે શિકાગોનાં જાણીતાં અને માનીતાં સન્માનીય ગઝલકાર કવિ-દંપતી ડૉ. અશરફ ડબાવાલા તથા ડૉ. મધુમતી મહેતા ઉપસ્થિત રહ્યાં હતાં. તેઓ ગુજરાતી ભાષા, સાહિત્ય અને

હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાના દશાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણી પ્રસંગે મંચ પર બિરાજમાન (ડાબેથી) પીરુભાઈ શાહ, સંસ્થાના સંચાલિકા દેવિકા ધ્રુવ, મુખ્ય અતિથિઓ

## દશાબ્દિ મહોત્સવ– માર્ચ ૨૦૧૧

**૨૦૧૧ માર્ચ. ગઝલકાર શ્રી અશરફ ડબ્બાવાલા, મધુમતી મહેતા સાથે.**



**૨૦૧૧**

## દશાબ્દિ મહોત્સવ–મે ૨૦૧૧.



૨૦૧૧–

કવિ શ્રી વિવેક ટેલર સાથે.

.



૨૦૧૧

વાર્તાકાર વલીભાઈ મુસા સાથે.



૨૦૧૧

હાસ્યલેખક શ્રી હરનીશ જાની સાથે બેઠક.



૨૦૧૩

ખ્યાતનામ લેખિકા નીલમબેન દોશી સાથે..



Google Hang out Bethak 137– સપ્ટે. ૨૦૧૩




૨૦૧૪

બળવંત જાની સાથે.



## હ્યુસ્ટન અમેરીકામાં સાહિત્ય સરિતાએ ઉજવ્યો કાવ્યોત્સવ

હ્યુસ્ટન, અમેરીકા, ૮ નવેમ્બરઃ હ્યુસ્ટનની ગુજરાતી સાહિત્ય સરિતાની યશકલગીમા એક વધુ છોગુ એટલે કાવ્યોત્સવ ૨૦૧૪. અમદાવાદના યુવાન,તરવરીયા અને હસમુખા કવિ શ્રી. કૃષ્ણ દવે અને બ્રિટન-બોલ્ટનથી આવેલા પીઢ ગઝલકાર શ્રી. અદમ ટંકારવીના અતિથિ વિશેષપદે ઉજવાયેલો કાવ્યોત્સવ શિકાગોથી આ પ્રસંગ માટે જ ખાસ પધારેલા કવયિત્રી શ્રીમતી સપના વિજાપુરા, હ્યુસ્ટનના સ્થાનિક પ્રતિષ્ઠિત મહાનુભાવો, સ્થાનિક સર્જક પ્રતિભાઓ અને દોઢસો જેટલા ગુજરાતી સાહિત્યના પ્રેમીઓએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને દીપાવ્યો હતો જેમાં શ્રીમતિ દેવિકાબેન ધ્રુવ, ધીરુભાઈ શાહ, મુકુંદભાઈ ગાંધી, નિખિલ મહેતા, જ્યોત્સનાબેન વેદ, હસમુખ દોશી, ચિમનભાઈ પટેલ, અદમ ટંકારવી, કોકિલા પરીખ, પ્રદીપ બ્રહ્મભટ્ટ, કમલેશ લુલા, ધવલ મહેતા વગેરેનો સમાવેશ થાય છે.

**અહેવાલ-** શ્રી. નવીન બેન્કર (અમેરીકા),
**તસ્વીર સૌજન્ય-** શ્રી. જય પટેલ (અમેરીકા)

**નવેમ્બર ૨૦૧૪ શ્રી અદમ ટંકારવી અને શ્રી કૃષ્ણ દવે સાથે.**




**૨૦૧૪**





૨૦૧૪

શ્રી કૃષ્ણ દવે                    શ્રી અદમ ટંકારવી

૨૦૧૫





ડો.કમલેશ લુલ્લાના સન્માન સમારંભ સમયે. એપ્રિલ ૨૦૧૫.



ડો.કમલેશ લુલ્લાના સન્માન સમારંભ સમયે. એપ્રિલ ૨૦૧૫.

.




મુ હરિક્રિષ્ણ મજમુંદાર સાથે સર્વ સભ્યો ૨૦૧૫ જુલાઇ, ૨૦૧૫


૨૦૧૫

રઈશ મનીઆર–૨૦૧૫


૨૦૧૫



રઈશ  મનીઆર સાથે કવિતા–વર્કશોપ પછીની યાદગીરી.

# પ્રકરણ–પ

# સંસ્થાના સર્જકો



# શ્રી નવીન બેંકર

**ટૂંકો પરિચયઃ** ૧૯૪૧માં ભૂડાસણ નામે નાનકડાં ગામમાં તેમનો જન્મ; ઉછેર અમદાવાદમાં અને ૧૯૭૯થી અમેરિકામાં સ્થાયી થયાં છે. નવીન બેંકર એટલે એક મસ્ત મઝાના, રંગીલા–રસીલા, મળતાવડા, નિખાલસ, ઉમદા અને ખુબ જ ઊર્મિશીલ માનવ. તેમની કલમ એટલે કમાલ !

**સર્જનની શરુઆતઃ** વાર્તામાસિક 'ચાંદની'માં પ્રસિધ્ધ થયેલ એક 'સ્ત્રીઓ અને સરકારી નોકરી' કટાક્ષિકાથી.(૧૯૬૨)

**પ્રકાશિત પૂસ્તકોઃ** (૧) પરાઇડાળનું પંખી (વાર્તાસંગ્રહ)– ભારતી સાહિત્ય સંઘ દ્વારા પ્રકાશિત– (૧૯૭૧) (૨) હેમવર્ષા (વાર્તાસંગ્રહ) (૩) અરમાનોની આતશબાજી (૪) કલંકિત (૫) રંગભીની રાતોના સમ અને.... બીજી ૧૩ જેટલી પોકેટબુક લઘુનવલકથાઓ.

**અન્ય સિધ્ધિઃ** ૧૯૬૨ થી ૧૯૭૪ દરમ્યાન ઘણી બધી ટૂંકીવાર્તાઓ 'ચાંદની', 'આરામ', 'મહેંદી', 'સવિતા', મુંબઈ સમાચાર', 'સ્ત્રી' અને 'શ્રી' સાપ્તાહિક,' શ્રીરંગ ડાયજેસ્ટ', વગેરેમાં પ્રસિધ્ધ થયેલી. મુંબઈ સમાચાર વાર્તાસ્પર્ધામાં વાર્તા ' આથમતા સૂર્યની વિદાય' ને તૃતિય પારિતોષિક મળેલું. હ્યુસ્ટનના ઈન્ડિયા કલ્ચર સેન્ટર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ, કોન્સ્યુલર જનરલ ઓફ ઈન્ડિયા ના શુભહસ્તે, 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' આપવામાં આવેલો.

અમેરિકા આવ્યા બાદ, ખાસ તો ગુજરાતી નાટકોના અવલોકનો, વિવિધ સંસ્થાઓની પ્રવૃત્તિઓના અહેવાલો, ફિલ્મ અને નાટ્ય–કલાકારોના ઈન્ટર્વ્યુઝ...વગૈરે.

**સાહિત્ય સરિતા વિષે કંઈકઃ** તેઓ જણાવે છે કે "એક ખુબ ઉમદા ધ્યેયથી શરૂ થયેલી આ સંસ્થાએ ઘણા નવોદિત લેખકોને પ્લેટફોર્મ પુરુ પાડ્યું છે. જેમણે ક્યારેય કાંઈ સર્જન કરેલું નહીં તેવા સર્જકો આજે બ્લોગ પર ઢગલાબંધ ગુજરાતી લખતા થયા છે. "

**ગમતી બે સ્વ–રચનાઃ** 'પરાઈ ડાળનું પંખી' અને 'હેમવર્ષા' વાર્તાસંગ્રહ.



## શ્રી ધીરજલાલ હિરાલાલ શાહ

ટૂંકો પરિચયઃ અમેરિકામાં જીવનના ૭૫મા વર્ષે એટલે કે સને ૧૯૯૭માં પત્નીની ચિર વિદાય થતા, એકલતા દૂર કરવા કોઈક ઈશ્વરી શક્તિએ તેમને લેખન,વાંચન અને સર્જન તરફ અચાનક વાળ્યાં. અગ્રગણ્ય માસિકોના પ્રકાશકોના તેમજ ગુજરાતી સાહિત્ય સરિતા હ્યુસ્ટનના સભ્યોના સાથ, સહકાર અને પ્રોત્સાહનથી લેખન પ્રવૃત્તિમાં દિન–પ્રતિદિન વધારો થતો ગયો, જે આજે ૯૪મા વર્ષે પણ ચાલુ છે.

સર્જનની શરુઆતઃ જીવનના ૭૫મા વર્ષે એટલે કે ૧૯૯૭ની સાલથી.

પ્રકાશિત પુસ્તકોઃ The path towards better living, વનવગડાના ફૂલ, વનવગડાની વાતો, વનવગડાની વાટે વાટે,વાર્તાનું વાવેતર, હળવા હાસ્યનું પાનેતર અને પ્લસ ભાગ–૧ અને ૨, બગીચાના ફૂલો, The flowers of the forest, વન –ઉપવનનાં ફૂલો,અંગ્રેજી કાવ્યોના ગુજરાતી ભાવાનુવાદ.

અન્ય સિધ્ધિઃ હ્યુસ્ટનના ઈન્ડિયા કલ્ચર સેન્ટર દ્વારા ૧૫ ઓગસ્ટ ૨૦૧૦ના રોજ, કોન્સ્યુલ જનરલ ઓફ ઈન્ડિયાના શુભહસ્તે, 'સ્પીરીટ ઓફ ટાગોર એવોર્ડ' આપવામાં આવેલો. હાલ નિવૃત્તિમાં લેખન–પ્રવૃત્તિ.

ગુ.સા.સ. વિષે કંઈકઃ તેઓ જણાવે છે કે, "હું આજે જે કાંઈ છું તેના માટે ગુ.સા.સ,હ્યુસ્ટનના સાહિત્ય–રસિક મિત્રોનો આભારી છું.તેમના માર્ગદર્શન વિના આગળ વધી શક્યો ન હોત."

## ગમતી બે સ્વ–રચના.

(૧)

વરસોથી સાચવીને રાખેલો
બાપદાદાનો અરીસો,
એક ગોઝારા દિવસે
હાથમાંથી છટકી જતાં
તે તરડાઈ ગયો.
તરડાઈ ગયેલા અરીસામાં
હું જોવા લાગ્યો તો
મેં મારો ચહેરો પણ
તરડાઈ ગયેલો જોયો!

( ૨ )

જયાં મંદિર નથી
જયાં મસ્જિદ નથી
કે જાહેર રસ્તો નથી,
તે રસ્તાની એક બાજુએ
શાંતિથી બેઠો છે,અને
કોઈને કનડગત  કરતો નથી,
છતાં લોક તેને પથ્થર મારી
ત્યાંથી ઉઠાડે છે!

 **શ્રી અબ્દુલ રઝાક મેઘાણી– તખલ્લુસ 'રસિક'**

**ટૂંકો પરિચયઃ** મૂળ નામ– અબ્દુલ રઝાક મેઘાણી

જન્મ ૧૨ મે ૧૯૪૬, મુંબઈ, અભ્યાસ– બી કોમ. કરાંચી, પાકિસ્તાનથી ૨૦૦૦ ની સાલમાં હ્યુસ્ટન આવ્યા. હાલમાં શ્રી. રસિક મેઘાણી તેમની નાદુરસ્ત તબિયતને કારણે પાકિસ્તાનમાં છે.

**સર્જનની શરુઆતઃ** ત્રણ દાયકાથી ગઝલ–સર્જન ક્ષેત્રે વ્યસ્ત છે.

**પ્રકાશિત પુસ્તકોઃ** ૨૦૦૨માં તેમનો પ્રથમ ગઝલસંગ્રહ હ્યુસ્ટનમાં છપાયો– 'લાંબા શુષ્ક માર્ગે' અને "ભીની ભીની આંખો."

**અન્ય સિધ્ધિઃ** કરાંચીની 'બઝમે દિલકશ' સંસ્થા કે જે પાછળથી 'ગુજરાતી કવિમંડળ' તરીકે પ્રખ્યાત થઈ, એના સક્રિય સભ્ય રહ્યા હતા.તેમની ગઝલો અને કાવ્યો અંગે સ્વ. શ્રી. 'આદિલ' મન્સૂરિ સાહેબે કહ્યું હતું કે –'ગઝલના છંદશાસ્ત્રની દ્રષ્ટિએ તેમની ગઝલો સર્વાંગસંપુર્ણ છે. તેમની સર્જકતા પણ ખુબ ધારદારરૂપે પ્રગટ થતી જણાઇ આવે છે.'

**સાહિત્યસરિતા અંગે બે શબ્દોઃ** તેઓ જણાવે છે કે," સાહિત્યસરિતાના સહકારથી જ તેમનો ગઝલસંગ્રહ પ્રગટ થઈ શક્યો છે."

**ગમતી બે સ્વ–રચનાઃ ઝલક –કેટલાંક શેર.**

તું વિશ્વગુર્જરી છે આજ, ગુર્જરીની વાત કર.
નવાયુગોના રંગથી નવી નવી તું ભાત કર... તું વિશ્વ ગુર્જરી છે આજ..

તું પ્રેમ દીપ બાળવા વદન વદનથી વાત કર.
તું પર્વતોને આંબવા ગગન ગગનથી વાત કર.
તું જિંદગી છો એટલે તું જિંદગીની વાત કર.
નવા યુગોનાં રંગથી નવી નવી તું ભાત કર...તું વિશ્વ ગુર્જરી છે આજે..

તું તારલાનાં તોરણો સજાવી દે હ્રદય સુધી.
તું પ્રેમની પરંપરા પ્રજાળી દે હ્રદય સુધી.
તું ગુંજતો"રસિક" રહે , દિશા દિશા સમય સુધી.
તું મૃત્યુ થી ઉચાટ થા, ને જિંદગીની વાત કર...તું વિશ્વ ગુર્જરી છે આજ..
*****************************

સતત વદન હસતું જોવા તરસે, હજી સુધી ભીની ભીની આંખો
તમારા માટે આ જીવ તડપે, હજી સુધી ભીની ભીની આંખો.

વિદેશની સૂની સૂની સડકે, અમે તો ભૂલા પડી ગયા પણ
પછીતથી કયાંક ડુસ્કાં છલકે, હજી સુધી ભીની ભીની આંખો.*

નવા નગરને નવા નિવાસી, અમે કદી જયાં હતા પ્રવાસી
નવા ઉમંગો છતાંય આજે, હજી સુધી ભીની ભીની આંખો.*

હું પ્રેમ દીપક બધા હ્રદયમાં, પ્રજાળી ચાલ્યો કદીક જયાંથી
હજી ત્યાં ઉર્મીના તણખા ઝબકે, હજી સુધી ભીની ભીની આંખો.

કરાર આ બેકરાર યુગમાં, કહીં નહીં મળશે આજ દિલને
કહો 'રસિક'ને એ લૂંછી નાખે, હજી સુધી ભીની ભીની આંખો.

* આ બંને શેર અમેરિકામાં વસતા તમામ દેશીઓને અર્પણ.



# સ્વ.શ્રી સુમન અજમેરી

જન્મ અને જન્મસ્થળ– ૪ સપ્ટેમ્બર, ૧૯૩૫ અમરેલી જીલ્લાનું વાવેરા ગામ. વ્યવસાયે સદાય શિક્ષક રહ્યા. લેક્ચરર, પ્રોફેસર એમ વિવિધ શૈક્ષણિક કારકીર્દીઓમાં ૪૨ વર્ષ વીતાવીને નિવૃત્ત થયેલા.

૭૦ થી વધુ પુસ્તકોના સર્જક એવા 'શબ્દના પુર્ણ સમયના આરાધક' હતા. તેમણે કેવળ શબ્દ અને શબ્દની જ માળા જપી હતી. છાંદસ, અછાંદસ કાવ્યો, ગઝલો, ગીતો, બાળકાવ્યો, કિશોરકાવ્યો, ખંડકાવ્યો, સોનેટો, વાર્તાઓ, વિવેચનો, રસદર્શન..ઘણું ઘણું લખ્યું છે તેમણે. કવિતા એ એમના લેખનનો મુખ્ય વિષય રહ્યો હતો. કાવ્યની બધી પ્રવર્તમાન શૈલીમાં તેમણે લેખનકાર્ય કરેલું છે. તેઓ શ્રી. કાવ્યના દરેક ક્ષેત્રમાં દક્ષતા અને ગહન આંતરસુઝ ધરાવતા હતા. એમના કાવ્યોનો ઉપાડ, ભાવનિરૂપણ, પ્રાસ, લય, ઢાળ બધું જ પ્રભાવક છે. ગીતોમાં પણ વિષયવૈવિધ્ય ઉડીને આંખે વળગે તેવું છે. હ્યુસ્ટનના કેટલાક નવા નવા કવિઓએ તેમની અને જનાબ રસિક મેઘાણી પાસેથી છંદનું જ્ઞાન મેળવીને પોતાની કાવ્યસમૃધ્ધિ વિક્સાવી છે. ગઝલના આંતર સ્વરૂપ અંગેની જે સભાનતા સુમનભાઈના લખાણોમાં જોવા મળે છે એ આજના મોટાભાગના સર્જકોમાં જોવા નથી મળતી. સુમનભાઇ વિશે, બારસોથી વધુ પાનાંઓમાં, ગુજરાતના કવિઓ, લેખકો, વિવેચકો દ્વારા તેમની સાહિત્યિક કૃતિઓનું મુલ્યાંકન કરતા, સંખ્યાબંધ લેખો છપાયાં છે.

ગઝલના છંદશાસ્ત્ર અંગેનો તેમનો ગ્રંથ અને 'ગઝલ–સંરચના અને છંદવિધાન'

તેમજ ‘શબ્દાયના’ નામના તેમના પુસ્તકો તો અદ્વિતિય ગણાય છે. આ ગ્રંથોના અવલોકનો, સમીક્ષાઓ, વગૈરે ‘ઉદ્દેશ’ અને ‘શબ્દસૃષ્ટી’ જેવા લબ્ધપ્રતિષ્ઠિત સામયિકોના પાનાંઓ પર છપાયેલાં છે.

શ્રી. સુમન અજમેરીના ગણનાપાત્ર પુસ્તકોમાં નીચેના પુસ્તકોનો ઉલ્લેખ કરવો જ રહ્યો.–

તન્મય તન્મય ( ગીત સંગ્રહ) ઈબારત, રિયાઝ ( ગઝલોના પ્રતિનિધી સંગ્રહો ),શબ્દાયના ( વિવેચનગ્રંથ) શમણા રૂપેરી કોરના, શમણાં ફાલ્યા થોક થોક ( બાળકાવ્યોના સંગ્રહો) શેર અંતાક્ષરી ( ૧૬૦૦ જેટલા ગુજરાતી શેરોનું કક્કા પ્રમાણે સંકલન)

આ શેર અંતાક્ષરીના બબ્બે પ્રયોગો તો હ્યુસ્ટન સાહિત્ય સરિતાના સભ્યોએ પણ કર્યા છે.

શબ્દસાધનાની ધૂણી ધખાવીને સિધ્ધીઓના શિખરો સર કરનાર , અસાધારણ સર્જકપ્રતિભા ધરાવતો, એક પીઢ, સારો સાહિત્યકાર હવે આપણી વચ્ચે નથી.



## દેવિકા રાહુલ ધ્રુવ

**ટૂંકો પરિચય:** જન્મ ગુજરાતના એક નાનકડા ગામડામાં, શિક્ષણ, બાળપણ અને યુવાની અમદાવાદમાં. છેલ્લાં ૩૫ વર્ષથી અમેરિકામાં સ્થાયી. સંસ્કૃત અને ગુજરાતી વિષયમાં ગુજ. યુનિ.ના ગોલ્ડમેડલ–વિજેતા. કવિતા વિષે નાનપણથી પ્રીત.

**સર્જનની શરુઆત:** નાનપણથી સતત અને કાયમ. ૨૦૦૧થી વેગ મળ્યો.

**પ્રકાશિત પુસ્તકો:** બે કાવ્યસંગ્રહ– ૧. શબ્દોને પાલવડે–પ્રયોગશીલ પદ્યરચનાઓ જેમાં 'શબ્દારંભે અક્ષર એક'માં દરેક શબ્દનો પહેલો અક્ષર એકસરખો. ૨. 'અક્ષરને અજવાળે' – જેમાં ગીત અને છંદોબદ્ધ ગઝલનો સમાવેશ કરેલ છે. તેમાંની કેટલીક સ્વરબદ્ધ થઈ છે.

**અન્ય સિધ્ધિ:** કુમાર, નવનીત,ગુર્જરી,ઓપીનિયન,દર્પણ,ફીલીંગ્સ જેવાં મેગેઝીન, જુદા જુદા સમાચાર પત્રો, રેડિયો સ્ટેશન, ગુર્જરવાણી, સ્પીકબિન્દાસ, સંસ્કાર અને 'સબરસ'રેડિયો લંડન વગેરેમાં પ્રસારણા અને વાર્તાલાપ.. બુધસભા,કેલીફોર્નિયા,યુનિ.ઓફ ફ્લોરીડા,ગુજરાતી રાઈટર્સ ફોરમ,યુકે વગેરે સ્થળે કાવ્યપઠન, વક્તવ્ય,અને ટીવી ઈન્ટરવ્યુ.૧૯૬૮માં કાવ્યપઠન સ્પર્ધામાં શ્રી ઉમાશંકર જોશીના હસ્તે ઈનામ વિજેતા. હાલ વેબગુર્જરીની સાહિત્ય સમિતિના સંપાદન કાર્યમાં પ્રવૃત્ત અને હ્યુસ્ટનની સાહિત્ય સરિતામાં માનદ સલાહકાર તરીકેની નિમણૂંક.

બે બ્લોગ પર પ્રવૃત્ત–૧) http://devikadhruva.wordpress.com/
૨) http://devikadhruva.gujaratisahityasarita.org/

**સાહિત્ય સરિતા વિષે બે શબ્દો:** તેઓ જણાવે છે કે, "હ્યુસ્ટનની સાહિત્ય સરિતા એટલે સર્જન-પ્રક્રિયાનો મંચ, સર્જનનું ચાલક બળ, સર્જકોને માટે ગતિવર્ધક. હૃદય હંમેશ માટે ઋણી."

*ગમતી બે સ્વ-રચના: શતદલ*

શતદલ પંખ ખીલત પંકજ પર, હસત નયન જયમ શ્યામ વદન પર.
શત શત બુંદ સરક દલ વાદળ, ભીંજત બદન નર નાર નવલ પર.
ઘનન ઘનન ગરજત નભમંડળ, કરત ક્યાંક કલરવ ખગ તરુવર.
છલ છલ છલકત જલ સરવર પર, નાચત મંગલ મયૂર મનોહર.
સર સર સૂર સજત દિલ મોહક, ભૂલત ભાન વનરાવન ગોપક.
પલપલ શબદ લખત મનભાવન, ઝરત પ્રીત મન કરત પાવન.
લીલ રંગ ધરા ધરત અંગ પર, સોહત સુંદર સદ્યસ્નાત સમ.
મસ્ત મસ્ત બરસત અવિરત ઝર, ઝુલત ઝુમત શતદલ મધુવન પર.
****************************************

## સોનેરી સાંજ:

છંદ વિધાન: ષટકલ ૨૨-વિષમ- ( ગા ગાલગાલ ગાલલગા ગાલગાલ ગા )
સોનેરી એક સાંજની આ વાત લાવી છું.
તારા મઢેલી રાતનું આકાશ લાવી છું.
સૂરો નથી, કે સાજ ને સરગમ નથી છતાં,
ઝુલે હવા લળી લળી એ રાગ લાવી છું.
હો પાનખર બધે, ને છો સૂકી હવા વને,
ફરફરતું એક લીલું લીલું પાન લાવી છું.
પુષ્પો છે શબ્દ કેરા ને પાંખડી છે પ્રેમની,
સાથે અહીં હું લાગણીના હાર લાવી છું.
મન છે, નમન છે, હોઠ તો બસ બંધ છે અહીં,
પણ ગાન મખમલી પ્રભુ, સો વાર લાવી છું....

 **શ્રીવિશાલ મોણપરા**

**ટૂંકો પરિચય:** ગુજરાતી કીબોર્ડના સંશોધક. વિશ્વનો નેટ પર કામ કરતો મોટો ગુજરાતી સમુદાય, વિશાલ મોણપરાને કૃતજ્ઞતા અને અહોભાવથી જાણે જ છે.

**સર્જનની શરુઆત:** નાનપણથી.

**પ્રકાશિત પુસ્તકો:** 'દિલથી દિલ સુધી'.

**અન્ય સિધ્ધિ:** વિદેશની ધરતી પર શ્વાસ લેતો અને કશાય પાશ્ચાત્ય રંગમાં રંગાયા વગર જીવન જીવતો એક ભારતીય યુવાન, ગુજરાતી ભાષા અંગ્રેજી કીબોર્ડ પર કેવી રીતે લખી શકાય તે શોધે, શીખવાડે અને પોતાની કલમ પણ કેળવતો જાય તે ખરેખર પ્રશંસનીય અને ગૌરવની વાત છે.

**સાહિત્ય સરિતા વિષે કંઈક:** ગૌરવ

**ગમતી બે સ્વ–રચના:** કેટલાંક નમૂના

- તમને જોઈને વળે ફૂલોને પસીનો, તેને ઝાકળનુ નામ આપું તો કેવુ?
  મીઠડી બે વાત કરી ભીંજાવો હૈયાને, તેને શ્રાવણનું નામ આપું તો કેવું?

- પદરવ સાંભળતી વખતે ખલેલ ન જોઈએ કોઇ,
  બંધ થઈ જા ધબકારા,એ આવે છે.

  ક્ષણ માટે એ આવશે, ક્ષણમાં ચાલી જશે,
  થંભી જાઓ પલકારા, એ આવે છે.
- ધૂપ સળીની જેમ સુવાસ આપવાનુ છે ગળથૂથીમાં ,
  ભગવા પહેરનારને સંસારના આભારની પડી નથી.

- છે ડૂબવાની મઝા મઝધારે, સાહિલ કોને જોઈએ છે?
  ફના થઈ જવું છે કેડી પર, મંઝિલ કોને જોઈએ છે?
  અમે તો છીએ પ્રત્યંચા પાર્થના ગાંડિવની,
  નથી કોઈ પતંગનો દોર ઢીલ કોને જોઈએ છે ?

- પારખ્યા છે ઘણા લોકો, બધા કથીર હોય છે,
  આંગળીના વેઢે ગણાય એટલા જ વીર હોય છે.

- દરિયામાંથી મોજાં કાઢી નાંખશો તો બાકી શું વધશે?
  પંખીડાની પાંખો કાપી નાંખશો તો બાકી શું વધશે?

હાઈકુ–

સેતુ બંધાયા
શહેરો જોડ્યા,ક્યાં છે
હૃદયસેતુ?!!



# શ્રી વિજય શાહ

**ટૂંકો પરિચયઃ** વિજયભાઈને લખવુ ગમે,લખાવવું ગમે અને કોઈ લખે એ ગમે. સાહિત્યનાં દરેક ક્ષેત્રે શીખવુ અને માણવું ગમે. સતત અને અવિરત કાર્યરત તેમણે દરેક પ્રકારોમાં કલમ કવાયતો કરી છે. તેમને માટે સાહિત્ય સર્જન એક માવજત છે. ક્યારે પણ આઘાત લાગે ત્યારે તેના ધક્કાને પહોંચી વળવા કલમ તેમની મિત્ર, તબીબ અને સહાયક બને છે. એમેઝોન ઉપર, બૂક ગંગા ઉપર અને ઈશબ્દ ઉપર તેમનું સાહિત્ય મુકાયુ છે.

**સર્જનની શરુઆતઃ** ૧૯૭૭માં પહેલો કાવ્ય સંગ્રહ "હું એટલે તમેઃ તેમની મોટી બેન પ્રતિભાએ ભેટ આપીને આ રાહ ચિંધી. મિત્ર શરદ શાહે આપેલી ડાયરી નવા સર્જનોને સંઘરવાનું સાધન બની.૧૯૯૦ થી ૧૯૯૨ માં "શેરબજારનાં આટા પાટા"નાં નામે "સંદેશમાં કૉલમ લખી.૧૯૯૬ પછી અમેરિકામાં ઘણું બધું લખાયુ.

**પ્રકાશિત પુસ્તકોઃ** અત્યાર સુધીમાં ૪ કાવ્ય સંગ્રહો, ૫ નવલકથા, ૫ હેતૂલક્ષી ભેટ આપવા લાયક પુસ્તકો અને ૫૦ જેટલા સહિયારા સર્જનો.

**અન્ય સિધ્ધિઃ** સહિયારા સર્જનોના પ્રણેતા અને આગેવાન તરીકે લીમકા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન. વિજયભાઈએ અનેક લોકોને ગુજરાતી કીપેડ પર ગુજરાતી લખતા કર્યા છે.

**ગુ.સા.સ.વિશે બે શબ્દોઃ** તેઓ જણાવે છે કે , “ગુજરાતી સાહિત્ય સરિતાએ લખાણ માટે મોટું માધ્યમ આપ્યુ છે અને તે સહિયારા પ્રયત્નોમાં મિત્રોએ ઘણી જ હૂંફ અને આઘાતો આપ્યા છે જે સર્જનોમાં ફળીભૂત થયા છે. ધારતો હતો તેના કરતા ઘણું જ વધારે મને સાહિત્ય સરિતાએ આપ્યુ છે.”

**ગમતી બે સ્વ–રચના.**

૧.**એજ લક્ષ્ય..**

પ્રભુ દરસની પ્યાસ વધી, પ્રભુમાં સમાવાની આશ વધી.
દયા કર હે કૃપાળુ પરમાત્મા, મુક્તિ તણી ઉત્તમ આશ વધી.
સમજાયુ નિરર્થકપણું સંસારનું,વેરા આંતરાનું ગણિત સંસારનું
ખાલી હાથનુંઆવાગમન બધું, ફક્ત સહાય તારી જ ખરે સાચી.
આયુષ્ય મળ્યુ તો તેને માણવું, રીત તો છે તે સાવ જ ખોટી.
જે પ્રભુએ ત્યાગ્યુ તે પરનો મોહ, વિપરીત બુધ્ધી ભવાટવી જોગ.
મારું મારું જયાં કર્યુ તે તો ગયું, જાગ્યા ત્યારે સમજાયું તે શમણું.
ક્ષણનો પણ હો ના પ્રમાદ હવે, ભવાટવીની મુક્તિ એજ લક્ષ્ય.

**૨.અજંપો**

તમારા દીધેલ ઘાવને ઝુલે
ઉગે છે ફક્ત એકલો અજંપો.
નાના પ્રસંગો ને મોટા પડઘા
ડુસ્કે ચઢે છે આંસુનો અજંપો.
કેના, જુઈ રાતરાણી ને ચંપો
હું,તું અને સળગતો અજંપો.
કહી ન શકાય લાગણીઓને
અમારાથી કે હવે જરા જંપો.
સમય તો ભરશે દુઝતા ઘા,
ને ખીખીયારા કરે આ અજંપો.

 શૈલાબેન મુન્શા

ટૂંકો પરિચયઃ શૈલાબેનને વાંચનનો શોખ બાળપણથી અને શાળામાં પણ વકતૃત્વ અને નિબંધ સ્પર્ધામાં ઘણા ઈનામો મળ્યા છે, પણ સાહિત્ય અને સારા વાંચનની ટેવ સાતમા ધોરણથી પડી, જેને માટે તેઓ ગુજરાતીના શિક્ષીકા ઈંદુબેનના આભારી છે. કનૈયાલાલ મુન્શી, ર.વ.દેસાઈ, પન્નાલાલ પટેલ, ગોવર્ધનરામ ત્રિપાઠી, વગૈરેના પુસ્તકોનુ વાંચન એમની દોરવણી હેઠળ થયું. ત્યારથી સાહિત્યનો લગાવ લાગ્યો.

સર્જનની શરુઆતઃ વ્યવસાયે શિક્ષીકા એટલે ગુજરાતી શીખવવાનો રસ અને સાહિત્ય સાથે હંમેશ સંબંધ રહ્યો, પણ લખવાની પહેલ તો અમેરિકા આવ્યા પછી થઈ.

પ્રકાશિત પુસ્તકોઃ"બાળ ગગન વિહાર" પહેલુ પ્રકાશિત પુસ્તક જેમા બાળકોના અડપલાં, તોફાનો અને હળવા લેખો, રોજીંદા પ્રસંગો રૂપે લખાયા છે. વાર્તા, કવિતા, ગઝલ સહિયારા સર્જન ની નવલકથામા પ્રકરણ વગૈરે અનેક ક્ષેત્રે કલમ અજમાવી છે. ગુજરાત ગૌરવ અને કેનેડાથી પ્રસિધ્ધ થતા ન્યુઝ પેપર વગૈરેમાં તેમની કૃતિઓ અવાર નવાર પ્રકાશિત થાય છે. કેલિફોર્નિઆ સ્થિત 'શબ્દોના સથવારે" આયોજિત વાર્તા સ્પર્ધામા તેમની વાર્તા "હાશકારો" ને બીજું ઈનામ અને ૧૦૦ ડોલરનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

સાહિત્ય સરિતા વિષે બે શબ્દોઃ તેઓ જણાવે છે કે,"ગુજરાતી સાહિત્ય સરિતા અને તેના સક્રિય સભ્યોના પ્રોત્સાહને લેખન શોખને કલમ દ્બારા લોકો સુધી પહોંચાડવામા અગત્યનો ભાગ ભજવ્યો છે, એ માટે હું સાહિત્ય સરિતાની ઋણી છું."

## ગમતી બે સ્વ-રચનાઃ

માણવી છે એકલતા કોઈઆપે તે પહેલા,
છુપાવવા છે જખમ કોઈપામે તે પહેલા.
સમેટી લઉ હાથેળીમારેત આ સરી જતી,
બાંધવા છે મિનારા રેતના, તુટે તે પહેલા.
દોરંગી આ દુનિયાની રીત સાવ નિરાળી,
કરૂં સાબદું મન, હૈયું ઝુરે તે પહેલા.
સંબંધો ની વણઝારમા અટવાય માનવી,
સહેવી છે વેદના, કોઈ થોપે તે પહેલા.
પ્રેમ ને વિશ્વાસ માગ્યા મળે ના કદી,
ગોપાવી દુઃખ વહેંચુ પ્રેમ,કોઈ રોકે તે પહેલા.

## મા ની આશિષ!

ઝુરતી આંખો આજે પણ ને,
નીતરતા આંસુ આજે પણ!
રહેતી જે છબી દિલના ખુણે,
હર પળ તુજને શ્વસુ આજે પણ!
કયાંથી લાવું એ વહાલભર્યો સ્પર્શ,
નથી પાસે તોય, શોધું આજે પણ.!
હતી પાસે તો કરી ના માવજત,
શરમથી મુજને કોસું આજે પણ!
પાલવે બાંધી તુજ વહાલની પોટલી
માવડી નત મસ્તકે વંદુ આજે પણ!

(મા જે સદા મારા દિલમા હિંમતનો સ્ત્રોત બની જીવતી રહી છે
એને શ્રદ્ધાંજલિ)



## શ્રી વિશ્વદીપ બારડ

**ટૂંકો પરિચયઃ** જન્મ, ફેબ્રુઆરી ૧૮,૧૯૪૬ ભાવનગર. સ્થાયીઃ અમેરિકામાં૧૯૭૫થી, હ્યુસ્ટન સ્કૂલ ડિસ્ટ્રીકટમાં ૨૫ વર્ષની સર્વિસ બાદ નિવૃત, કવિતા સાથે લાગણીશીલ હૈયાનો પરિચય, નિકટતા બાળપણથી જ.

**સર્જનની શરુઆતઃ** કવિતા રટણ, વાંચન અને "મંગળ મંદીર ખોલો","આભમાં ઉગેલ ચાંદલો", "આ પસ્તાવો વિપુલ ઝરણું" જેવા સુંદર કાવ્યો તન, મન અને હૈયાને હરી લેતા.આજ ભાવના અંકુરો રૂપે તેમની પહેલી કવિતાઃ "અદયભીત" અને પછી કોઈ બિચારી, કહેશો નહી..નો કાવ્ય પ્રવાહ વહેતો રહ્યો..

**પ્રકાશિત પુસ્તકોઃ** "કાવ્યસુંદરીની સાથે સાથે"

**અન્ય સિધ્ધિઃ** ૨૦૦ લઘુકથાઓ ઘણાં સામયિકોમાં પ્રકાશિત થઈ છે. (કુમાર અંક), કાવ્યો..લેખો પ્રકાશિત થયા છે. કોઈ બુક પ્રકાશિત કરી નથી.
રણજિતરામ સુંવર્ણ ચંદ્રક વિજેતા શ્રી રાધેશ્યામ શર્મા દ્વારા પ્રકાશિત "સાક્ષરનો સાક્ષાત્કાર" બુકમાં ૨૦૦૮માં વિગતવાર પરિચય.

**સાહિત્ય સરિતા વિષે કંઈકઃ** તેઓ જણાવે છે કે, "હ્યુસ્ટન ગુજરાતી સાહિત્ય સરિતામાં ૨૦૦૨થી સંપર્કમાં આવ્યા બાદ દોડ્યાને ઢાળ મળે એજ રાહે સાહિત્યને વેગ મળ્યો, મોકળો માર્ગ મળ્યો, ઘણાં સર્જકનો પરિચય થયો. વિશ્વમાં ગુજરાતી સાહિત્યમાં આપણી સંસ્થાની ગણના થાય છે તેનું મને ગૌરવ અને આનંદ છે."

## ગમતી બે સ્વ–રચનાઃ

વર્ષો લગી કારણ વિના અંધાર પર હસતો રહ્યો,
મહેંકતી આંખે સજેલી ધાર પર હસતો રહ્યો.
વિશ્વના આ રૂપ–ચક્રો કેટલું હાંક્યા કરે ,
કોને કહું? આધારહીન આધાર પર હસતો રહ્યો.
માર્ગમાં અમથા મળેલા ગમ હજીયે યાદ છે,
ખાલી મળેલા સ્મિત મહીંના ખાર પર હસતો રહ્યો.
પાંખ છું પણ ભીંતના કો' ભારથી સ્વરતો રહ્યો,
જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો.
******************************************

*નભના નગર નીકળ્યાં , તારલા સૌ જોવા નીકળ્યાં,*
*શેરીના શ્વાસ રુંધાયા, શ્વાન સૌ ભસવા નીકળ્યાં.*

*ક્યાં હતું મારું અહી કોઈ ઠેકાણું આ શહેરમાં,*
*ઝાંઝવાના ઝળ મને કેમ અહીં શોધવા નીકળ્યાં ?*

*સગા– સંબંધીની ખુશામત અહી જિંદગી–ભર કરી,*
*કાંધો આપવા એ ઘેરથી બહું મોડા નીકળ્યાં.*

*ભલે દોસ્તી કરી લીધી સરિતાએ ભાન–ભુલી ને,*
*મોડું થઈ ગયું, જ્યારે સાગરના પાણી ખારા નીકળ્યાં.*

 **શ્રી ચીમન પટેલ**

**ટૂંકો પરિચયઃ** ૧૯૫૯માં વિદ્યાનગરમાંથી બી.ઈ. (સિવિલ) કરી, અમદાવાદમાં બે વર્ષ ઈરીગેશન ખાતામાં કામ કર્યું, ત્યારબાદ ભાવનગરની પોલિટેક્નીક્માં ૬ વર્ષ ટીચીંગ કરી ૧૯૬૭માં વધુ અભ્યાસાર્થે હ્યુસ્ટન આવી 'માસ્ટર' કર્યું. ત્યારથી હ્યુસ્ટન શહેરના રહેવાસી છે. હાસ્ય લેખો, હઝલ ,ગઝલ, કાવ્યો.હાઈકુ/ફોટોકુ,લખવાની સાથે સાથે રેખા ચિત્રો, ચારકોલ પેન્ટીંગ, ફોટોગ્રાફી, શાકભાજીની ખેતી, એવરગ્રીનને વિવિધ આકારો આપવા, મંજીરા અને કીબોર્ડમાં પણ રસ..

**સર્જનની શરુઆતઃ** ૧૯૬૦ના ગાળામાં 'ચાંદની'માં (અમદાવાદ) અને 'નવવિધાન' (મુંબઇ)માં વાર્તાઓ છપાઈ ત્યારથી લખવાની શરુંઆત થઈ. ભાવનગરની ભુમીપર, પત્ની સાથેના પ્રેમપત્રોમાં કાવ્યોના બીજ રોપાયા!

**પ્રકાશિત પુસ્તકોઃ** 'હળવે હૈયે' (૪૩હાસ્યલેખ) અમદાવાદથી મદ્રાસી પ્રકાશન દ્વારા ૧૯૯૭માં બહાર પડ્યું.

**અન્ય સિદ્ધિઃ** અમેરિકાના માસિકો (૧) દર્પણ (૨) ગુર્જરી ડાયજેસ્ટ(૩) ગુંજન (૪) ગુર્જરી (૫) ગુજરાત દર્પણ(૬) સમાચાર (૭) નયા પડકાર (૮) હમલોગમાં હાસ્યલેખો, કાવ્યો અને ગઝલો પ્રકાશિત થયા. સાહિત્ય સરિતાના સભ્યોને હાઈકુ વર્કશોપ ચલાવી હાઈકુ લખતા કર્યા. પોતાની વેબસાઈટ "ચમનકે ફૂલ" શરું કરી એ પહેલાં 'પુસ્તકાલય.કોમ' પર કાવ્યો અને હાસ્યલેખો મૂકાયા.૧૯૬૮માં યુનિવર્સિટિમાંની 'ટેબલટેનીસ'ની સ્પર્ધામાં ચેમ્પીઅનશીપ ટ્રોફી મેળવી. ગુજરાતી સાહિત્યના યોગદાન માટે 'ધરાગુર્જરી'

એવોર્ડ મળ્યો..

**સાહિત્ય સરિતા વિષે કંઈકઃ** તેઓ જણાવે છે કે, "ઘેર બેઠાં બેઠાં, સાહિત્ય સરિતાની ગુજરાતી ગંગામાં, સહુ સભ્યો ડૂબકી મારી, ભાષા શુધ્ધિ કરી, પરદેશની ધરતી પર પ્રકાશ પાથરતા રહે એવી શુભેચ્છા."

**ગમતી બે સ્વ–રચનાઃ(૧) મેં દિલ દીધું ના હોત!**

(જીવનસાથી સ્વઃ નિચંતિકાને)

મેં દિલ દીધું ના હોત!તું પ્રિયે, મળી ના હોત!
પાંપણના પલકારે મન વશ થયું ના હોત,
તું પ્રિયે, મળી ના હોત!

ઉરના અંધકારને ટાળ્યો સ્નેહ જયોતથી તારા,
ઝીલી લીધા પાલવમાં દુઃખ છલકાયા મારા.
જીવન અર્પ્યું ના હોત,તું પ્રિયે, મળી ના હોત!

ગાજી ઉઠ્યું ઘર મારું કંકણના રણકારથી,
ફૂલ ખીલ્યા ઉપવનમાં, તારા સહકારથી.
બહાર ખિલી ના હોત! તું પ્રિયે, મળી ના હોત!

**હાઈકુઃ**

ઘરકામમાં
મને જોઈ; ફોટામાં–
એ મલકાય!!

## લેખિકાઃ સરયૂ મહેતા–પરીખ અને ચિત્રકારઃ દિલીપ પરીખ

**ટૂંકો પરિચયઃ** સરયૂ મહેતા–પરીખ એમ.એસ.સી બોટની. વ્યવસાય–મેડીકલ ટેક્નોલોજીસ્ટ. વતન–ભાવનગર. આધ્યાત્મિક અભ્યાસ, સંગીત અને સાહિત્યમાં રસ. ગૃહત્રાસિત સ્ત્રીઓને મદદ અને અક્ષરજ્ઞાનના સેવાકાર્યમાં યોગદાન. શ્રી દિલીપ કૃષ્ણકાંત પરીખ. એમ.એસ.સી. ફીઝીક્સમાં ગોલ્ડ મેડલિસ્ટ, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરા. માઈક્રો–ઈલેટ્રોનિક્સમાં સફળ કારકિર્દી. સાહિત્ય, કલા, ભારતિય શાસ્ત્રીય સંગીત અને આધ્યાત્મિક જ્ઞાનનો ગહન અભ્યાસ. "

**સર્જનની શરુઆતઃ** સાહિત્ય સરિતા સાથે લખવાની શરૂઆત.

http://www.saryu.wordpress.com ( ૨૦૦૭ )

**પ્રકાશિત પુસ્તકોઃ** ૧. "**નીતરતી સાંજ Essence of Eve**" કાવ્યો અને સત્યકથાઓ ગુજરાતી અને અંગ્રેજીમાં. દિલીપના ચિત્રો. **૨૦૧૧.**

૨."આંસુમાં સ્મિત **Smile in Tears**" –સત્યકથાઓ અને તેને અનુસરતી કવિતાઓ.ગુજરાતી અને અંગ્રેજીમાં ૨૦૧૩.

3. "Moist Petals" a poetic novel in English.૨૦૧૫.

**૪. સહિયારુ સર્જન "જીવનસંધ્યા" ,"પુષ્પગુચ્છ".**

**અન્ય સિધ્ધિઃ અખંડાઅનંદ, દેશવિદેશ, ગુર્જરી જેવા સામાયિકોમાં કાવ્યો તથા વાર્તાઓ પ્રકાશિત. પૂરાતન અને વર્તમાન પ્રસિધ્ધ કવિઓના કાવ્યસંગ્રહ "પ્રીત ગુંજન"માં તેમના બે કાવ્યોને સ્થાન મળ્યું છે.**

**અનોખી રીત—મોઈસ્ટ પેટલ્સ—અંગ્રેજીમાં નવલકથા. Novel "Moist Petals"—the story is told intertwined with poetry.**

**સાહિત્ય સરિતા વિષે કંઈકઃ** તેઓ જણાવે છે કે "સાહિત્ય લખવા માટે પ્રોત્સાહિત કરવા બદલ સાહિત્ય સરિતાની આભારી છું. શરૂઆતમાં આગ્રહને લીધે લખવાનું શરૂ થયું જે ઝડપી ગતિએ કમ્પ્યુટરની સુવિધાથી આગળ વધ્યું. સહિયારા સર્જનમાં સાથ આપવાની તક મળી."

**ગમતી બે સ્વ–રચનાઃ** જીવન – મૃત્યુ

રૂઠતી પળોને સમેટતી હું શ્વાસમાં,દુ:ખનાં દીવામાં સુખવાટ વણી બેઠી છું.
ઘૂઘવતાં સાગરમાં નાનીશી નાવમાં,હળવાં હલેસાંથી હામ ધરી બેઠી છું.
ઓચિંતા ભમરાતી ડમરીની દોડમાં,રજકણ બની અંક આકાશે ઊઠી છું.
અંજળનાં આંસુથી આંખોની આહમાં,કરુણાનું કાજળ લગાવીને બેઠી છું.
ઉરના સન્નાટામાં લાગણીના ગીતમાં,ઝીણા ઝણકારને વધાવીને બેઠી છું.
નક્કી છે આવશે, પણ ખાલી એ વાયદા,ક્યારનીયે મુજને શણગારીને બેઠી છું.
સરી રહ્યો સથવારો મમતાનાં મેળામાં,આજે અજાણી, પરાઈ બની બેઠી છું.
જીવન પ્રયાણમાં ને મંગલ માહોલમાં,હંસ જાય ચાલ્યો, પિંજર થઈ બેઠી છું.

–––––––––––––––––––––

મધુમાલતી મહોરી મારા આંગણામાં આજ,એના મસ્તાના રંગ ભરે મૈયરની યાદ.
કંઈ વર્ષો પહેલાની સવાર એ હતી,ત્યાં એકલી અટૂલી ગુલતાન હું હતી.
લીલી ચાદરમાં બેઠી ચૂપચાપ એ કળી,એને જલ્દી ખીલવાની ના ઝંખના હતી.
સમીર લ્હેરખી કહીંથી એને સ્પર્શી ગઈ,એના બહેકાવે હળુ હળુ ખીલતી ગઈ.
સહજ શૃંગારે ફૂલગુલાબી શોભતી રહી,કળી શ્વેત ને ગુલાબી મીઠું મલકી રહી.
લાલ ચૂંદડી ઓઢીને રમણ રમતી રહી.ઘેરા લાલ ચટક રંગમાં એ હસતી રહી
એવી મધુમાલતી મગન ઝૂલી ફરી, પ્રથમ શ્વેત ને ગુલાબી પછી લાલી ભરી.
હવે ધીમે ધીમે લાલ રંગ તજતી હતી,સૌમ્ય સંધ્યાના રંગોમાં ભળતી હતી.


**ડૉ.કમલેશ લુલ્લા**

**ટૂંકો પરિચયઃ** ગુજરાત તેમના રોમ રોમ માં વસે છે.અમેરિકાને કર્મભૂમિ માને છે, ભારતને માતૃભૂમિ અને ગુજરાત જન્મભૂમિ છે. એ ભૂમિનો વાસ તેમના જીવનમાં વિવિધ રૂપોમાં દરરોજ જોવા મળશે.

**સર્જનની શરુઆતઃ** નાસામાં તેમના કાર્ય–મેજ ઉપર ગુર્જર કવિ પ્રીતમની કવિતા " હરિનો મારગ છે શુરાનો નહીં કાયરનું કામ જોને" ફ્રેમ માં હોય છે. આ કવિએ તેમને નાનપણમાં શીખવ્યું કે " કાયર થવું નહીં!" આજ કવિએ કહ્યું " તીરે ઉભા તમાશો જોવો નહીં" અને આજ કવિએ બતાવ્યું કે " માંહી પડ્યા તે મહાસુખ માણે." આ ગુજરાતનો વારસો તેમના જીવનમાં ઉતારવાનો સતત પ્રયત્ન કર્યો છે! તેમના જીવનમાં પ્રીતમની કવિતાની ઊંડી અસર છે.

**પ્રકાશિત પુસ્તકોઃ** ડો. લુલ્લા અત્યાર સુધીમા ૨૦૦ થી વધારે **Research Publication** અને ૮ પુસ્તકોનુ સંપાદન કરી ચૂક્યા છે અને તેમનુ છેલ્લું પુસ્તક **"Wings on Orbit"** જેમા **NASA** ની છેલ્લા ત્રીસ વર્ષની **Space Shuttle History** નો નીચોડ છે તે ૨૦૧૧ મા પ્રસિધ્ધ થયું છે, એ પુસ્તકને એક અમૂલ્ય ખજાના રૂપે વ્હાઈટ હાઉસની લાઈબ્રેરીમા મુકવામા આવ્યું છે એટલું જ નહિ આ પુસ્તકની નકલ આપણા ભૂતપુર્વ રાષ્ટ્રપતિ ડો અબ્દુલ કલામ ને તેમની ટેક્સાસની મુલાકાત દરમ્યાન ભેટ રૂપે આપવામા આવ્યું હતુ.

**અન્ય સિધ્ધિઃ** ડો. લુલ્લા "Space Journal' ના ચીફ એડિટર છે અને આ **Journal** નુ દુનિયાના ૮૫ થી વધુ દેશોમા પ્રસારણ થાય છે. આપણા ભૂતપુર્વ

રાષ્ટ્રપતિ ડો. અબ્દુલ કલામ પણ ડો. લુલ્લાના સ્પેસ ટેકનોલોજી ક્ષેત્રમા વૈજ્ઞાનિક તરીકેના યોગદાનથી ખુબ જ પ્રભાવિત થયા હતા. ભારત સરકારે ૨૦૧૫ મા પ્રવાસી ભારતીય દિવસના ત્રિદિવસીય સમ્મેલન દરમ્યાન **"Most Prestigious NRI Pravasi Bharatiya Award and Medal"** થી ડો. કમલેશ લુલ્લા ને નવાજ્યા છે. આ એવોર્ડ પદ્મ વિભુષણની હરોળમા મુકી શકાય એટલી ઉચ્ચ કક્ષાનો છે. આ એવોર્ડ એમને ભારતના **Vice President** ના વરદ હસ્તે આપવામા આવ્યો હતો.

સાહિત્ય સરિતા વિષે કંઈકઃ ગૌરવ .

ગમતી સ્વ–રચનાઃ

તારો બની ગગનમાં તરતો રહીશ હું!
ભોમથી બ્રહ્માંડમાં વિસ્તરતો રહીશ હું!

**डो.कलाम**

**न कुर्सीका अभिमान,न झुठा शान-सन्मान,**

**एक सीधा सरल ईन्सान,**

**श्रेष्ठ भारतकी श्रेष्ठ संतान,**

**ऐसे थे हमारे डो.कलाम॥**

**न हिन्दु,न जैन, न मुसलमान,**

**थे भारतके सच्चे समर्थ विद्वान,**

**भारतीय बनकर,बढाई भारतकी शान,**

**श्रेष्ठ भारतकी श्रेष्ठ संतान,**

**ऐसे थे हमारे डो.कलाम॥**

 ડો.ઈન્દુબેન શાહ

ટૂંકો પરિચયઃ નાનપણથી ગુજરાતી લખવા,વાંચવાનો શોખ,શાળા,અને મહાવિદ્યાલયમાં અભ્યાસ સાથે સાથે ગુજરાતી પ્રવૃતિમાં સક્રિય ભાગ લેતાં, સાંસ્કૃતિક કાર્યક્રમ, નાટક, રાસ , ગરબા, વકૃત્વ સ્પર્ધા વગેરેમાં પણ ભાગ લેતા હતા. વ્યવસાય અને સાંસારિક જવાબદારીઓમાં વ્યસ્ત રહેવાથી થોડા વર્ષ ગુજરાતી લેખન કાર્ય સ્થગિત થયું.

સર્જનની શરુઆતઃ ગુજરાતી સાહિત્ય સરિતામાં જોડાયા બાદ,લખવાની પ્રેરણા મળી, ફરી લખવાનું શરું થયું. ૨૦૧૦માં બ્લોગ "શબ્દ સુધા", ૨૦૧૧માં "શબ્દ સથવારે"ની શરૂઆત કરી.

પ્રકાશિત પુસ્તકો– ૧)"ભાસ–આભાસ" આધ્યાત્મિક કાવ્ય સંગ્રહ, ૨)"આનંદમયી બા" વાર્તા સંગ્રહ.

સાહિત્ય સરિતા વિષે બે શબ્દો– તેઓ જણાવે છે કે,"આ બધાનો યશ ગુજરાતી સાહિત્ય સરિતાને આપીશ, સરિતાનો સ્વભાવ આપવું, મને ઘણું આપ્યું, સહુને આપ્યું. આપણે સૌ તેને વહેતી રાખીએ અને શુધ્ધ, નિર્મળ સાહિત્ય રસપાન કરતા રહીએ."

ગમતી બે સ્વ–રચનાઃ

હું કોણ છું પુછું વારંવાર થાકી બસ હવે
ફેરા ફરીફરી, કોઇ તો કહો પામી બસ હવે.
ઝાકળનું બિન્દુ એક પર્ણે પોઢી મલકાય
જાય ઉડી, આવીશ સવારે પાકી બસ હવે.

પર્ણો ઉંચે સૂરજ ભણી જોઇ પૂછે આ શું?
આવશે, જુવો વાટ થોડી રાત બાકી બસ હવે.
પાષાણ હું,ટાંકણું મારી, ઘડી રહી છું મુજને
સ્વપ્નમાં ઢંઢોળી, તે જગાડી બસ હવે.
જીજ્ઞાસા તારી પહોંચી ઉંચા શિખરની ટોંચે
જામગરી તારી તણખા પ્રકાશી બસ હવે.
હું કોણ છુ મુક ખોજ પડતી માન મારું વચન
તું છે તે હું, ને હું છું તું, લે તું જાણી બસ હવે.

## હાઈકુ

કડવા મીઠા
છે, ઘુંટ સંબંધોના
લીધા પચાવી.

આભ ઉદાસ
ઝીલાયા અશ્રુ પર્ણે
કળી ઊઘડે.

પુણ્ય છે કે પાપ
હિસાબ રાખે કોણ?
દાવ પેચમાં?

 હેમાબેન પટેલ

**ટૂંકો પરિચયઃ** **શાંતિમય નિવૃત જીવન .ડાકોર ભવન્સ કૉલેજમાંથી બી.એ.ની ડીગ્રી મેળવી. વાંચનનો ઘણોજ શોખ હોવાથી સાહિત્ય પ્રિય છે.** લેખન કાર્ય, સંગીત, ઈશ્વર ચિંતન, એમ નિવૃત્તિની પ્રવૃત્તિનો રસાસ્વાદ માણી રહ્યા છે.તેમને **ગુજરાતી હોવાનો ઘણોજ ગર્વ.**

**hemapatel.wordpress.com (વિચારધારા) hemapatel.gujratisahityasarita.org ( વિચાર વિસ્તાર).**


**સર્જનની શરુઆતઃ હ્યુસ્ટનમાં ચાલતી ગુજરાતી સાહિત્ય સરિતામાં ૨૦૦૯ માં જોડાયા પછી બે બ્લોગ બનાવીને સર્જનની શરૂઆત કરી.**

**પ્રકાશિત પુસ્તકોઃ ' વિરાંગના સરોજ શ્રોફ' – 'મનોમંથન', અલકનંદા..** (પહેલુ પુસ્તક) –સહિયારા સર્જનમાં પહેલી નવલકથા હતી, 'વિરાંગના સરોજ શ્રોફ' સત્ય ઘટના પર આધારીત છે. બીજુ પુસ્તક) – 'મનોમંથન' જે મન વિષય લઈને લખ્યું જેમાં વેદાંતના પંચિકરણનો સિદ્ધાંત પણ સમજાવ્યો. (ત્રીજુ પુસ્તક) – સત્ય ઘટના પર આધારીત નવલકથા 'અલકનંદા' છે.

**અન્ય સિદ્ધિઃ** અમદાવાદથી પ્રસિદ્ધ થતા' દિવ્યભાસ્કર'માં એનઆરજી કોલમમાં વલય શાહે આર્ટીકલ પ્રગટ કર્યા હતા.અમદાવાદથી પ્રસિદ્ધ થતુ ચિન્મય પ્રભામાં આનંદભાઈએ આર્ટીકલ અને કવિતા પ્રગટ કર્યા હતા.

**સાહિત્ય સરિતા વિષેઃ** તેઓ જણાવે છે કે , **"ગુજરાતી સાહિત્ય સરિતાએ મને લખવા માટે પ્લેટફોર્મ આપ્યુ તેને માટે હું આભારી છું. તેની હું સદા ઋણી રહીશ.ગુજરાતી સાહિત્ય સરિતા માટે અનેક અનેક શુભકામના."**

**ગમતી બે સ્વ–રચનાઃ 'વિરાંગના સરોજ શ્રોફ 'અને 'અલકનંદા'.**

 શ્રીસુરેશ બક્ષી

ટૂંકો પરિચયઃ વતન રાજપીપળા, ગુજરાત.વકીલાત વડોદરા.ગઝલ અને મુકતકોના શોખીન.

સર્જનની શરુઆતઃ ગઝલના શહેનશાહ શ્રી શયદા સાથે પિતાની મૈત્રી

અને શ્રી ગની દહીંવાલા સાથે અંગત સંબંધો.તેથી બાળપણથી જ કાવ્યો લખવાનો તથા સંગીતનો શોખ.

પ્રકાશિત પુસ્તકોઃ "પુષ્પગુચ્છ'નું સંકલન.

સાહિત્ય સરિતા વિષે બે શબ્દો– તેઓ જણાવે છે કે,"સાહિત્ય સરિતા, હ્યુસ્ટને સરખા શોખ ધરાવતા લોકોને મળવાની તક આપી."

ગમતી બે સ્વ–રચનાઃ

(૧) હે માનવ,
કપરા સંજોગોમાં પણ હસી શકે તો માનુ.
રેખાઓ હાથની ભૂંસી શકે તો માનુ.
પોતીકાને તો બધા ખુશ રાખે,
પારકા દિલમાં વસી શકે તો માનુ.

(૨)
આંસુઓને વહેવા ન દો,રોકી રાખો.
પાંપણો પર સપનાની ચોકી રાખો.

 પ્રવીણા અવિનાશ કડકીઆ

ટૂંકો પરિચય: પ્રવીણાબેનનો જન્મ મુંબઈમાં. ઉછેર અને શિક્ષણને ભાથામાં લઈ ૩૮ વર્ષ પહેલાં અમેરિકામાં આગમન. તેમના સાથીનો સાથ છૂટ્યો, પણ 'એક જીવન જીવવાનું' છે એ સૂત્ર અપનાવી પ્રગતિની પગદંડી પર તેમણે કૂચ ચાલુ રાખી. હાલ પૂર્વ અને પશ્ચિમના સુભગ મિલનનો લ્હાવો માણી રહી રહ્યાં છે. ઈતર પ્રવૃત્તિ તથા સાહિત્યને શરણે આ જીવન સદા સહજ રીતે પસાર થાય એવી મનોકામના ધરાવે છે.

સર્જનની શરુઆત–સર્જનની શરૂઆત થઈ ૧૯૯૫ થી. પતિના વિયોગ પછી દર્દે કાવ્ય અને ભજન રૂપે રાહ બતાવી. જેને કારણે દિલને રાહત થતી.

પ્રકાશિત પુસ્તકો–સહુ પ્રથમ ૧૯૯૮માં 'અવિનાશ'ને સમર્પણ કરતી ભજનોની સી.ડી બહાર પાડી. ૨૦૦૨માં 'અંતરનો અવાજ' ,૨૦૦૮માં 'એક ડગ ધરા પર' માનસ પુત્રીનું આબેહૂબ ચરિત્ર રજૂ કરતું પુસ્તક,૨૦૧૦માં 'જાગીને જોઉં તો' સત્ય ઘટના પર લખાયું. ૨૦૧૨માં 'સંઘર્ષની સોડમાં', ૨૦૧૩માં ' જીગરના પપ્પા' પુસ્તક પ્રકાશિત કર્યું. 'સહિયારા સર્જનના' નેજા હેઠળ ૪૦થી વધુ પુસ્તકોમાં પ્રકરણ લખવાની તક સાંપડી.

અન્ય સિધ્ધિ–૧૮ વર્ષ રેડિયો પર વક્તા તરીકે કામ કર્યું. ભારત જઈ યોગનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેનો ઉપયોગ સમાજમાં 'યોગ'ની પ્રવૃત્તિમાં. 'શાકાહારી ભોજન'નું આગવું સ્થાન પશ્ચિમના દેશોએ અપનાવ્યું છે. તેના 'ફ્રી ડેમોનસ્ટ્રેશન' કરવામાં પ્રવૃત્ત. છેલ્લાં સાત વર્ષથી 'સિરામિક્સ'માં નિત નવું બનાવી કળા વિકસાવવાની પ્રવૃત્તિ ચાલુ છે.

ગુ.સા.સ.વિશે બે શબ્દો: તેઓ જણાવે છે કે,"ગુજરાતી સાહિત્ય સરિતાએ લેખન કળામાં પ્રવીણતા કેળવવામાં ખૂબ ભાગ ભજવ્યો છે. મારી આજનો યશ કોઈપણ જાતના સંકોચ વગર ગુજરાતી સાહિત્ય સરિતાને ફાળે જાય છે. અગણિત સાહિત્ય

**પ્રેમીઓ સાથે ઘરોબો કેળવવામાં મુખ્ય ભાગ ગુજરાતી સાહિત્ય સરિતાનો છે, એ કહેતાં ગર્વની લાગણી અનુભવું છું. "**

## ગમતી બે સ્વ–રચના.

જીવનમાં બહાર આવી જેનાં પગરવને સુણી,
જેના આગમનને કારણ દિલ ધબકારો ચૂક્યું.
આ એજ વ્યક્તિની યાદે હું સૂનમૂન બેઠી છું.
સુંદર સંસ્કાર અર્પી બાળકોમાં ગુંથાઈ,
માયા મમતાનાં બંધન સાથી સંગે સોહાવી,
આ એજ વ્યક્તિની યાદે હું ગુમસુમ બેઠી છું.
ફૂલવાડી સિંચિત થઈ ફળફૂલથી ઉભરાઈ.
માળી વિણ બગિચાંની હું મહેક માણું છું.
આ એજ વ્યક્તિની યાદે હું સ્વપનાં જોતી છું.
વણ માગ્યે જીવનમાં લહર આનંદની ઉઠી.
પ્રભુ તારી દયાની હું કરૂણાને યાચું છું.
આ એજ વ્યક્તિની યાદે જીવનને પાવન માનું છું.

************************************

રાધા ઝુમી ઊઠી કે નયનોએ કા'ન નિરખ્યા.
હરખે ફૂલી ઊઠી ને ઝાંઝર રણકી ઉઠ્યાં,
ગોકુળમાં રાધાનો કાનજી ખોવાણો,
ગોપીઓના ઘરમાં જઈ તે ભરાણો, ગોવાળો સંગે વહેલ
કે નયનોએ કાન નિરખ્યા.....
રાધાને માખણ ખાતો કાન દેખાણો, બેઉ હાથે માખણ ચોર મંડાણો,
હૈયું હરખી ઉઠ્યું, કે નયનોએ કાન નિરખ્યા......
રાધાએ કાન વિશ્રામઘાટે ભાળ્યા, પાણીની હેલ ચઢાવતાં માણ્યા,
અંગ અંગ ભીંજાઈ ઊઠી, કે નયનોએ કાન નિરખ્યા.....
રાધા કાના સંગે રાસ રમંતી,મધુવન માંહી હસી ઘેલી ખેલતી,
ચાંદનીમાં ભાન ભૂલી, કે નયનોએ કાન નિરખ્યા......



## શ્રી પ્રદીપ બ્રહ્મભટ્ટ

**ટૂંકો પરિચયઃ** મૂળ આણંદના.આણંદ અને સરદાર પટેલ યુનિ.માં બી.કોમ અને એલ.એલ.બી.ની ડીગ્રી મેળવી. ૧૯૮૨થી–૮૬ સુધી ન્યૂયોર્ક રહી, ૧૯૯૯થી કુટુંબ સાથે હ્યુસ્ટનમાં સ્થાયી થયેલા પ્રદીપભાઈ બ્રહ્મભટ્ટ એટલે જલારામના પરમ ભક્ત.

**સર્જનની શરુઆતઃ** ૧૯૭૧ના મે માસમાં નડિયાદના સંત પૂજ્ય મોટાના આશ્રમમાં તેમની કૃપાથી સર્વ પ્રથમ કાવ્યની રચના કરી.

**પ્રકાશિત પુસ્તકોઃ** ભક્તિ–કાવ્યો "દીપના અંધારે."

અન્ય સિધ્ધિઃ પૂ.મોટાના આશીર્વાદ મેળવી લેખન જગતમાં પર્દાપણ થયુ. સં.૧૯૭૬ માં અરુણોદય કાવ્યને ગોપાલજીત ગ્રુપ, આણંદ દ્વારા યુવક મહોત્સવમાં રજુ થતાં ખેડા જીલ્લામાં પ્રથમ તથા રાજ્યમાં દ્વીતીય સ્થાન મળ્યું. પદ્યરચનાઓ લખવાનું ચાલતું રહ્યું. આણંદના સ્થાનીક પેપરો તથા મેગેઝીનોમાં સ્થાન મળતું ગયું. તેઓ હ્યુસ્ટનમાં બહારથી પધારેલ કલાપ્રેમીઓને અને હ્યુસ્ટનના ગૌરવાન્વિત થયેલાં કલમપ્રેમીઓને સન્માનના પ્રતીક તરીકે રચના કરી, ફ્રેઈમમાં મઢીને આપે છે.

**સાહિત્ય સરિતા વિષે કંઈકઃ** તેઓ જણાવે છે કે, "ગુજરાતી સાહિત્ય સરિતાના સાથથી મને ઘણું જ પ્રોત્સાહન મળ્યું. આજે જે કાંઇ છું તે સેવાભાવી અને પ્રેમાળ માણસોના સહકારથી જ છું. મારા કાવ્યો તથા ટુકા લેખો સામાન્ય રીતે ભક્તિભાવ, ધાર્મિક, સામાજીક, કૌટુમ્બિક તથા પ્રસંગ સંબંધિત હોય છે. અને તેની પ્રેરણા આપનાર આપ સૌ વાંચકો જ છો જેની હું,પ્રદીપ બ્રહ્મભટ્ટ, હંમેશા અપેક્ષા રાખીશ તે ભાવના સાથે મારા પરિવાર સહિત સૌને નમસ્કાર તથા જય જલારામ."

## ગમતી બે સ્વ—રચનાઃ

કોણ મારુ ને કોણ તમારુ,ના જગમાં કોઈ કહેનારું
કર્મના બંધનથી રહેવાનું,ના કોઇથી છટકાવાનું
.........એજ અપારલીલા પ્રભુની,સૃષ્ટિની સાંકળમાં બંધાવાનું.
દેહ મળે એ કર્મની કેડી,નિર્મળ જીવનમાં સમજાવાનું
ના અહં ના આશા રાખતા,જીવે કર્મથી દુર રહેવાનુ
સરળ જીવનની રાહે જીવતા,અનેકનો સાથ મળવાનો
પ્રેમ મેળવી પ્રેમીઓનો ,અનેક શાન્તિને એ સહેવાનો
.........એજ અપાર લીલા પ્રભુની,સૃષ્ટિની સાંકળમાં બંધાવાનું.
કલમની શીતળ કેડીએ,જીવને અનેકનો સાથ રહેવાનો
ના મારુ ના તારુ છોડતાં,માતાની અસીમ કૃપા મળવાની
દેખાવની દુનીયાને આંબતા,ઉજ્વળ જીવન આ થવાનું
અંતરમાં આનંદ મળે કૃપાએ,જીવને મુક્તિમાર્ગે જવાનુ
.........એજ અપાર લીલા પ્રભુની,સૃષ્ટિની સાંકળમાં બંધાવાનું.

*************

માનવતાની મહેંક પ્રસરે,જ્યાં સમયનો સાથ મળી જાય
નિર્મળતાનો સાથ મળતા,મોહમાયા જીવથી આધી જાય
..........મળે જીવને સરળ જીવન,જ્યાં જલાસાંઇની ભક્તિ થાય.
અવતરણના બંધન છે જીવના,દેહ મળતા જ એ સમજાય
મનુષ્ય જીવન એ કૃપા પ્રભુની,સરળ જીવનથી મળી જાય
દાન માનને દુર રાખીને જીવતા,લોભ મોહ દુર ભાગી જાય
અંતરમાં આનંદની મહેંક રહે,પરમાત્માનો પ્રેમ મળી જાય
..........મળે જીવને સરળ જીવન,જ્યાં જલાસાંઇની ભક્તિ થાય.
લઘરવઘર જીવન છે જીવનુ,જ્યાં કળીયુગી કેડી અડી જાય
સંબંધ પકડે છે દેહને અવનીએ,જે કર્મે જીવને જકડતો જાય
સુખદુઃખના વાદળ તો વરસે,જગે ના સાધુબાવાથી ય બચાય
ભક્તિ ભાવની નિર્મળ રાહે,જીવને મળેલ જન્મ સફળ થઈ જાય
..........મળે જીવને સરળ જીવન,જ્યાં જલાસાંઇની ભક્તિ થાય..



## શ્રીઅંબુભાઈ દેસાઈ

**ટૂંકો પરિચયઃ** જન્મ ૧૯૨૧માં. ઈકોનોમીક્સમાં બી.એ અને ઈતિહાસમાં એમ.એની ડીગ્રી. ભારતમાં ટેલીગ્રાફ ઓફિસ,નવગુજરાત અને લો કોલેજમાં પોતાની સેવાઓ આપ્યા બાદ ૧૯૮૧થી અમેરિકામાં વસવાટ.

**સર્જનની શરુઆતઃ** ૧૭ વર્ષની ઉંમરે લખવાની શરુઆત.ત્યારથી આજ સુધી લખવાનું ચાલુ રાખ્યું છે.તખલ્લુસ "શાન્તામ્બુ".

**પ્રકાશિત પુસ્તકોઃ** "હું અને મારી કલમ" ભાગ–૧ અને ૨.

**અન્ય સિધ્ધિઃ** બહોળા કુટુંબના વટવૃક્ષ સમા અંબુભાઈ વંદનીય છે.સાહિત્યસરિતાના આદ્ય સ્થાપકોમાંના એક છે. અંબુભાઇ દેસાઇ "શાંતામ્બુ" એલ.ડી, આર્ટસ કોલેજ નાં છ માસિક અંકમાં 2 ઓકટોબર ૧૯૪૬માં મુખપૃષ્ઠ પર પ્રસિધ્ધ થયેલ રચના આમ તો વૈષ્ણવ જન તો તેને રે કહિયે ના ઢાળ ઉપર લખાયેલી છે. ઘણી વખત જીવનમાં આ સત્યો સાથે જીવવુ અસંભવ લાગે પરંતુ મુ.અંબુકાકા આજે પણ આ સત્યોને વળગેલા રહી ૩૫ સભ્યોનાં મોટા કુટુંબનાં મોભી થઈ કળિયુગમાં પણ સતયુગી સંયુક્ત કુટુંબ જીવન અમેરીકામાં જીવી રહ્યાં છે.

ગમતી સ્વ–રચનાઃ

સાચાં માનવ તેને રે કહીયે, જે ખ્યાલ બીજાંનો કરતાં રે,
મ્હારું ત્હારું જરી ન કરતાં, જરુરત પુરવા મથતાં રે...સાચાં

સમાનતા સૌમાં જે દાખે, ભેદભાવ ના કરતાં રે,
વિચાર, વાણી વર્તનમાં હે , એક સરીખાં રહેતાં રે..સાચાં

ઉઁચ–નીચનાં ખ્યાલ તજી દઈ, ભેદ ભાવ ના કરતાં રે
જનમ મળ્યો છે તો જીવવુ સાથે નિર્ણય તેવો કરતાં રે.. સાચાં

ઉદારતા ડગલેને પગલે સંસારે જે રાખે રે ,
સંપર્કે આવે તે સહુનો, પ્રેમ સદાએ ચાખે રે.. સાચાં

ઉદ્યમ દ્રૃષ્ટિ ને કરુણા વૃષ્ટિ, મૈત્રી–ભાવ વધારે રે
અવરોધો ત્યાં કમ થઇ જાયે, આનંદ–વૃધ્ધિ થાયે રે.. સાચાં
સંતાપો સહુ ઘટતા જાયે, સંતોષ વધે ખુબ મનમાં રે,
દુ:ખનું ત્યાં નામ નહીંને, સુખની છન્નમ–છન્નારે.. સાચાં

## શ્રી ગીરીશ દેસાઇ

ટૂંકો પરિચયઃ ૧૯૩૦માં જન્મેલા શ્રી. ગીરીશ દેસાઇએ હ્યુસ્ટનના નાસામાં એન્જીનિયર તરીકે સફળ કારકિર્દી બાદ, ૧૯૯૮માં રીટાયર થયા છે. તેમના કાવ્યો ઐહિક અને આધ્યાત્મિક જગત સાથે સંકળાયેલા છે તેથી લૌકિક જગત અને આધ્યાત્મિક સ્પંદનો તેમના કાવ્યોના વિષય રહ્યા છે.

સર્જનની શરુઆતઃ લગભગ ૧૯૭૫થી તેમણે કાવ્યો લખવાની શરૂઆત કરી હતી. એમના જ શબ્દોમાં કહીએ તો, ‘મન અને બુધ્ધીરૂપી બે બળદિયાના યુદ્ધથી ઉભી થયેલી પરિસ્થિતિનું જે શબ્દચિત્ર” રચાયું તે તે તેમના કાવ્યો. પ્રોફેસર શ્રી. સુરેશ રાલી. કવિવર શ્રી. નિરંજન ભગત જેવા સાહિત્યકારોએ તેમના કાવ્યોનું મુલ્યાંકન કર્યું છે.

પ્રકાશિત પુસ્તકોઃ (૧) ઇશાવાસ્ય ઉપનિષદ.(૨) મારો મનોવિહાર (લેખસંગ્રહ).(૩) મારી મનોગંગા (કાવ્યસંગ્રહ).(૪) **Ganges of my mind** (‘મારી મનોગંગા’ નો અંગ્રેજી અનુવાદ).
અન્ય સિધ્ધીઓ, સા.સ. અંગે કંઈક અને ગમતી બે સ્વરચનાઓ અંગે તેમનો સંપર્ક ન થઈ શકવાને કારણે લખી શકાયું નથી.

તેમની રચનાની એક ઝલકઃ

જે સુખ દુઃખ કેરા ત્રાજુના,બે પલ્લાં રાખે સમતોલ,
તે જીવન ધન્ય ધન્ય છે,હીરા મોતીથી અણમોલ.



## સ્વ. શ્રી મહમંદ અલી પરમાર ‘સૂફી’
## (૧૯૨૪–૨૦૦૮)

ટૂંકો પરિચય–૧૯૨૪માં, ગુજરાતના એક નાનકડા ગામડામાં જન્મેલા આ આધ્યાત્મિક કવિએ પારાવાર મુશ્કેલીઓ વેઠીને, ગુજરાતથી મુંબઈ, બાંગલાદેશના ચિત્તાગોંગ,ઈરાન, સાઉદી અરેબિયા, દુબાઈ, કરાંચી ફરી ફરીને અંતે હ્યુસ્ટનમાં સ્થાયી થયેલા. કાયદાના સ્નાતક હોવા ઉપરાંત હોમિયોપેથીના પણ માન્યતા પ્રાપ્ત ડોક્ટર હતા. સાહિત્યસરિતાની ઘણી બેઠકોમાં પણ આવતા. સિનિયર્સ સિટીઝન્સની મીટીંગોમાં ભજનો સંભળાવતા અને હાર્મોનિયમ વગાડતા. આ ‘સૂફી’ કવિએ માત્ર આધ્યાત્મિક કાવ્યો જ લખ્યા છે અને તેનો એકમાત્ર સંગ્રહ ‘આધ્યાત્મિક કાવ્યો’ નામે ગુજરાતી સાહિત્ય સરિતાએ ૨૦૦૯માં પ્રસિધ્ધ કર્યો છે.

તેમની રચનાની ઝાંખી કરીએ–

અસલ ધર્મોના સ્થાપકો નિરાશામાં ડૂબેલા છે.
જગતમાં આગના ભડકા છે તે જોઈ રડેલા છે.
અમે ભાષાની ગુંચવણમાં કર્યો અન્યાય ધર્મોને,
ખુદા ઈશ્વર જુદા ગણીને લોકો બહુ લડેલા છે.

પોતાના કાવ્યો અને કાવ્યસંગ્રહ અંગે તેઓ સાહિત્ય સરિતાનો આભાર માનતા હતા. ૨૦૦૮ના જુલાઈની બારમી તારીખે સાહિત્ય સરિતાના આ સૂફી સંતનું અવસાન થયું હતું.

 શ્રીમનોજ મહેતા, –તખલ્લુસ – 'મનુજ' હ્યુસ્તોનવી.

ટૂંકો પરિચય: જન્મ ઐતિહાસિક નગરી– દર્ભાવતી (ડભોઇ). કર્મ ભૂમિ: સાંસ્કૃતિક નગર વડોદરા, ૧૯૮૩ બાદ–હ્યુસ્ટન, યુ.એસ.એ.વ્યવસાય: ફિઝીકલ થેરાપિસ્ટ.શોખ: સાહિત્ય, સંગીત અને નાટ્ય, ક્રિકેટ, નૃત્ય.

સર્જનની શરુઆત: બાળપણથી.

પ્રકાશિત પુસ્તકો: 'મનકલ્પ' ગુજરાતી ગઝલ સંગ્રહ, ઓલ ઈન્ડિયા રેડિઓ પ્રસારિત નાટકો – 'ભડથું', 'સુમી હજુ ય ના આવી', 'વનલીલાની લાલી', 'ટેડી રક્ષપીન','કુમાર અસંભવ', 'નિવૃત્તિનિવાસ' અને 'ફુગ્ગા મહીં નીકૂંક' નવલકથાઓ લેખક. સહિયારું સર્જન. વર્લ્ડ વેબપ્રસ્તૂત: www.mamehta.gujaratisahityasarita.org (સન ૧૯૯૮ બાદ)

મૌલિક સ્વરચનાઓ: ગુજરાતીગઝલ, કાવ્ય, લઘુકથા, પ્રાર્થના, અને હ્યુસ્ટન ખાતે એમણે પ્રસ્તૂત અને રજુ કરેલા સંગીત કર્યક્રમો.અન્ય સિદ્ધિ: નાટ્ય ક્ષેત્ર: – બાળ કલાકારની ભૂમિકા, નાટક' નરબંકા' વડોદરા ખાતે ૧૯૬૩ ,સન ૧૯૮૮ થી હ્યુસ્ટન નાટ્ય કલા વૃન્દના નેજા હેઠળ , જૈન સમાજ– પ્રેક્ષા મેડીટશન સેંટર ના નેજા હેઠળ અને ૧૯૯૫–૨૦૦૩ – 'કલાકુંજ' ના નેજા હેઠળ ભજવાયેલાં નાટકોમાં ભાગ અને સંગીત સંકલન પણ કર્યું છે. ૩. સંગીતક્ષેત્ર: – 'માટી ચાકડો અને કુંભકાર'. સપ્ટેમ્બર ૨૦૦૯ 'આદિલદીલસે'. મે ૨૦૧૧ – 'પ્રચલિત ગુર્જર સુર અને સ્વર' પ્રચલિત ગુજરાતી રચનાઓનું કેરીઓકી ગુંજન. ૨ મે ૨૦૧૨ – 'રાધાના હ્રદિયે જશોદાનો જાયો', ૨૦૧૪.

સાહિત્ય સરિતા વિષે બે શબ્દો: તેઓ જણાવે છે કે," હ્યુસ્ટન સહિત્ય સરિતા એટલે એક એવું સમાધિ સ્થાન જયાં વાસ કરો તો લેખન, વાંચન, વિવેચન કે અદયયનમાં ધ્યાન લાગી જાય. શરુઆતમાં છબછબિયાં કરીને હવે તરવાની હામ જો કેળવી હોય તો તેનું શ્રેય જાય છે સાહિત્ય સરિતાને ફાળે. સાહિત્ય

સરિતા એક એવું ફૂલ છે કે જેની એક પાંખડીના એક નાના ટૂકડાનો હું એક નાનો શો અંશ છું. અને, એ બદલ હું ગર્વ પણ અનુભવું છું. અંતમાં એટલું જ લખીશ કે, સાહિત્યસરિતા મારાં જેવા સેંકડો સર્જકોને જીવનમાં કંઈક કરી જવાની ખ્વાહિશ બક્ષે છે."

ગમતી બે સ્વ-રચનાઃ થોડાં શેરના નમૂના.

ના ગમે જો કાંઈ તો તે પણ કદી કરવું પડે છે.
રાહમાં પારોઠનું પગલું કદી ભરવું પડે છે.
સાથ કેવો? વાટ કેવી? એ જરા જોવું પડે છે,
માછલીને જળ મહીં ક્યારેક તરફડવું પડે છે.
ઊડવાના હોય સપના છો ભલા માણસ તમારા–
પણ, છતાં, અગણિત વખત નીચે ભલા પડવું પડે છે.
બે ઘડી પે'લા ચમકતો ને હવે ખરતો સિતારો–
જોઈ સમજ્યો, આસમાંને પણ કદી ઝુકવું પડે છે.
હાથમાં આવેલ પાનું હુકમનું હોઈ શકે છે,
પણ, 'મનુજ' એક્કા વગર જીતી જવા મથવું પડે છે.

*2.*

તર્કો જુદા છે એમના એ એહવાલમાં.
ઈન્કાર ભારોભાર છે એ એકરારમાં.
આવે નહીં જો એ હવે બસ એમની મરજી,
કરતો રહીશ હું આવવા અરજી પર અરજી,।
અમને પુરો વિશ્વાસ છે મુજ એતબારમાં.
તર્કો જુદા છે એમના.....
રાણી ભલે એ હો' ભિખારી છે પુરાણમાં,
કુંડળ કવચ માંગ્યું 'મનુજ' બસ વાત વાતમાં,
દિકરા થકી દિકરો લુંટ્યો' તો સહેજ વારમાં.
તર્કો જુદા છે એમના......
(છંદ બાંધણીઃગાગાલગા ગાગાલગા ગાગાલગા લગા.)



# શ્રી રમઝાન વિરાણી

**ટૂંકો પરિચયઃ** ૧૯૪૯માં મુંબઈમાં જન્મ. વિજ્ઞાનની શાખામાં ભારત અને અમેરિકામાં અભ્યાસ કરી કુલ ત્રણ ડીગ્રી હાસિલ કરી છે. હાલ પણ તેઓ વ્યવસાયમાં સક્રિય રીતે પ્રવૃત્ત છે.

**સર્જનની શરુઆતઃ** બેન દોલતબેન વિરાણીના પ્રોત્સાહન અને પ્રેરણાથી ૧૯૬૦માં સર્જનની શરુઆત.

**પ્રકાશિત પુસ્તકોઃ** 'આશાદીપ" નામનો કાવ્યસંગ્રહ.

**સાહિત્ય સરિતા વિષે બે શબ્દોઃ** તેઓ જણાવે છે કે, "સાહિત્ય સરિતા અભિવ્યક્તિનું અતિ ઉત્તમ માધ્યમ છે જેના પ્રત્યે હું હંમેશા ઋણી છું."

**ગમતી બે સ્વ–રચનાઃ** 'અમથું કહું છું.' અને 'સપનુરે ઓ સપનુ".

<u>અમથું કહું છું</u>

વાત બહુ મોટી નથી, અમથું કહું છું,
સાચી છે ખોટી નથી,અમથું કહું છું.
લેનારા બે હાથે મળશે બહુ જનો,
દેનારા ને શોધે વ્યાકુળ લોચનો;
શું તમે સમજી ગયા જે હું કહું છું?
વાત બહુ મોટી નથી, અમથું કહું છું.
કાર્યકર્તાની નજર છે હાર પર,
ને મફતના ભોજનોના થાળ પર;

કોઈ કહી શક્શે કે હું ખોટું કહું છું?
વાત બહુ મોટી નથી, અમથું કહું છું.

ખુરશીનો નહિ મોહ, તો નેતા નથી,
ચુંટણીનાં વચન સિવાય દેતા નથી;
હું તો આને જીભનો જાદુ કહું છું;
વાત બહુ મોટી નથી,અમથું કહું છું.

આપ કહેશો, આપણુ છે કોણ જગમાં?
હીમ સઘળે,તાપણું છે કોણ જગમાં!
છે નિકટસમ એને પણ અળગું કહું છું;
વાત બહુ મોટી નથી,અમથું કહું છું.

પ્રેમીઓને પૂછજો કે પ્રેમ શું છે?
માથું ખંજવાળીને કહેશે, કેમ શું છે?
ના તમે પણ પૂછતાં કે, શું કહું છું!
વાત બહુ મોટી નથી, અમથું કહું છું.

સ્વર્ગ સહુ સમજે છે ઘરના ઓટલાને,
દેવ માને બે વખતના રોટલાને;
જીંદગીનો સાર છે, આખું કહું છું;
વાત બહુ મોટી નથી, અમથું કહું છું.

દુનિયા આજની તો ગપ્પીદાસની છે,
સાચથી છે વેગળી,આભાસની છે;
ખોટું માને છે, જો હું સાચું કહું છું;
વાત બહુ મોટી નથી,અમથું કહું છું.!



# શ્રી હિંમતભાઈ શાહ

ટૂંકો પરિચય: ૧૯૩૬માં જન્મેલા શ્રી. હિંમતભાઈ શાહ લગભગ ૧૯૫૩થી કાવ્યો, ગીત, ગઝલ પર હાથ અજમાવી રહ્યા છે. ૧૯૬૦માં, મુંબઈથી વાણિજ્ય સ્નાતક થયા છે.. છેલ્લા થોડા સમયથી તબિયતને કારણે સર્જનક્રિયા ધીમી પડી ગઈ છે.

સર્જનની શરુઆત: ૧૯૫૩થી.


પ્રકાશિત પુસ્તકો: સ્વ. શ્રી આદિલ મન્સૂરિ સાહેબના શુભ હસ્તે તેમના કાવ્યો, ગીતો અને ગઝલના એક સંગ્રહ 'હળવાશો ભારે ભારે' નું વિમોચન કરવામાં આવ્યું હતું.

અન્ય સિધ્ધિ: કોલેજના હસ્તલિખિત મેગેઝીનમાં તેમનું પ્રથમ કાવ્ય 'રાહી' પ્રગટ થયેલું. તેમના કાવ્યોની એક ઓડીયો સીડી પણ ૨૦૦૦ની સાલમાં પ્રસિધ્ધ થયેલી છે.

સાહિત્ય સરિતા વિષે કંઈક: ગૌરવ.

ગમતી સ્વ–રચના:

હળવાશે ખરતી આ ફૂલ પાંદડીઓ!
જુએ સહુ, આનંદે સહુ:
ભારે, ભારે ઊઠતા એના ચિત્કાર!
જુએ કોઈ? સાંભળે કોઈ?



## શ્રી ફત્તેહઅલી ચતુર

**ટૂંકો પરિચય:** વર્ષોથી હ્યુસ્ટનમાં સ્થાયી થયેલાં ફત્તેહઅલી ચતુર ગુજરાતી અને હિન્દી સાહિત્યમાં રસ ધરાવે છે. નાટ્ય–લેખન, દિગ્દર્શન અને અભિનય તેમના પ્રિય વિષયો છે. ઉપરાંત સુંદર રીતે કવિતાઓની રજૂઆત તેમનું સબળ જમા પાસું છે.

**સર્જનની શરુઆત:** ૧૯૭૦ થી.

**પ્રકાશિત પુસ્તકો:** સહિયારું સર્જનમાં લેખન, ફેસીસ ઓફ કેન્વાસમાં સક્રિય.ફત્તેહઅલી લિખિત, દિગ્દર્શિત અને અભિનીત નાટક 'અનોખી મહેફિલ' હ્યુસ્ટનમાં એક સફળ નાટક તરીકે પૂરવાર થયેલ છે.

**અન્ય સિધ્ધિ:** કવિ સંમેલન, શેર અંતાક્ષરી, ગુજરાતી મંચ–સંચાલન તથા હિન્દી મુશાયરાઓમાં પણ સંચાલન.

**સાહિત્ય સરિતા વિષે બે શબ્દો:** તેઓ જણાવે છે કે ' સાહિત્ય સરિતા થકી મંચ મળ્યુ, લખવાની શરૂઆત થઈ.'



## શ્રી વિનોદ પટેલ

ટૂંકો પરિચય: વિવિધ કલાઓમાંની એક ‘ચિત્રકલા’ જેને વરેલી છે તે વિનોદભાઈ પટેલ એન્જિનિયરની પદવી ધરાવે છે. બાળપણથી જ પેન્સિલ અને પીંછી તેમને હસ્તગત થઈ છે, કેળવી છે અને વિકસાવી છે.

ચિત્રકલાની શરુઆત: ચિત્ર અને પેઈન્ટીંગની શરુઆત તેમણે પ્રાથમિક શિક્ષણ દરમ્યાન જ કરી હતી. શાળાના કલાશિક્ષક અને કોલેજના ડીનના પ્રોત્સાહનથી આ પ્રવૃત્તિ વેગવંત રહી. એટલું જ નહિ તેમને ગુજરાત લલિત કલા એકેડેમી અને બીજી ઘણી સંસ્થાઓમાંથી એવોર્ડ મળ્યા હતા.

વિશ્વના જુદા જુદા દેશો અને શહેરોમાં તેમનાં ઘણાં ચિત્રોને પ્રદર્શન અને શોમાં લેવામાં આવ્યાં છે. વિનોદભાઈના શબ્દોમાં “At the dusk of 2nd millennium, Einstein ignored the Quantum Cosmos; while Picasso, Matisse brushed the Time Dimension off their paintings! What are we to do in the dawn of the 3rd Millennium? American say, “Transform this World" and Texas bragging rights, inspired me in a fresh attempt to pierce through the veil of Micro Hydraulics domain in the realm of Nano Scale Viscosity changes  it became a very challenging Interactive game which I was forced to play & learn. So, when waved a strings magical wand of Quarks, Bosons & Quantum world chaos, I got them in my cross hair to describe the 4th

dimension: Time; for my paintings. By which, I bring the Movie world of Cinema to a standstill! Organic Fractals transported a brand new dynamics of magical movie motion to my paintings, Nirvana!"

**અન્ય સિદ્ધિઃ** હ્યુસ્ટનની એકથી વધુ ગુજરાતી અને ભારતીય સંસ્થાઓમાં તેઓ નેતૃત્વ ધરાવી ચૂક્યા છે, વોલેન્ટીયર તરીકે સેવાઓ આપી રહ્યા છે તે ઉપરાંત 'વર્લ્ડફિલ્મફેસ્ટ'માં પણ હાલ ભાગ લઈ રહ્યા છે.

તેમની વેબસાઈટ-**www.ArtPrize.org/vinod-r-patel**
**www.Talenthouse.com/artapart**

**સાહિત્ય સરિતા વિષે બે શબ્દોઃ** તેઓ જણાવે છે કે," ગુજરાતી ભાષાને જીવંત રાખવા માટે આ એક સરસ મંચ છે અને તેની વેબ સાઈટ એક સબળ અંગ છે. ચિત્ર–કલા તો શબ્દાતીત છે, ભાષાઓથી પર છે છતાં ચિત્રકલાના માધ્યમ દ્વારા હું ગુજરાતી ભાષાને પૂર્ણ પણે સહકાર આપી રહ્યો છું."

**ગમતા બે ચિત્રોઃ**






શ્રી રસેશ દલાલ

ટૂંકો પરિચયઃ નાટક અને સાહિત્ય સર્જનમાં રૂચિ.સંચાલન, સંકલન અને સંગઠનમાં સક્રિય. નામ અનુરૂપ વૃત્તિ અને પ્રવૃત્તિ.

સર્જનની શરુઆતઃ શાળા સમયથી સર્જન શરૂઆત અને મુખ્યત્વે ૩ નાટકો અને વાર્તાનું સર્જન. (૧)ચન્દ્રકાન્ત બક્ષી પર તહોમત નામું– સાહિત્ય સરિતા દ્વારા ભજવાયું. ૨)અષ્ટસખા– વલ્લભ પ્રીતિ સેવા સમાજમાં ભજવાયું અને ૩)સરહદ– કોલેજ કાળ દરમ્યાન ભજવાયું.

અન્ય સિધ્ધિઃ વિવિધ સ્પર્ધામાં પારિતોષિક. રાજ્ય કક્ષા સુધી અને મુખ્ય પ્રધાન ના કાર્યક્રમમાં અને બેંક ના અધ્યક્ષ/નાણા પ્રધાનના કાર્યક્રમમાં ઉદ્ઘોષક તરીકે ની ફરજ બજાવેલી. શ્રેષ્ઠ ઉદ્ઘોષક તરીકે લાયન્સ કલબમાં સન્માન .હાલ હ્યુસ્ટનની નાટ્યસંસ્થા 'કલાકુંજ' ના પ્રમુખ તરીકે અને 'વલ્લભ પ્રીતિસેવા સમાજ'ની પ્રવૃત્તિઓમાં સક્રિય.

સાહિત્ય સરિતા વિષે બે શબ્દોઃ તેઓ જણાવે છે કે," સાહિત્યની અભિરુચિ અને સર્જન માટેની કેડી કંડારનારી સંસ્થા એટલે જ સાહિત્ય સરિતા."

ગમતી સ્વ–રચનાઃ–

લગ્ન એ બે ફૂલ અને એક સુગંધની વાત છે.
લગ્ન એ બે નયન અને એક નજર ની વાત છે.
લગ્ન એ બે પગદંડી અને એક પથ ની વાત છે.
લગ્ન એ બે નીંદર અને એક સપના ની વાત છે.
લગ્ન એ બે સાધના અને એક સિદ્ધિ ની વાત છે.
લગ્ન એ બે મન અને એક વિચાર ની વાત છે.
લગ્ન એ બે કંઠ અને એક સૂરની વાત છે.
લગ્ન એ બે જીવ અને એક શ્વાસની વાત છે.

 શ્રી કિરીટ ભકતા

સર્જનની શરુઆતઃ હ્યુસ્ટનના વસવાટ દરમ્યાન.

પ્રકાશિત પુસ્તકોઃ લઘુકથા ‘વાઈડ બોલ’. સહિયારા સર્જનમાં બે નવલકથાઃ”બચીબેન અને બાબુભાઈ અમેરિકામાં’ અને ‘મારી બકુનું શું?’. સહિયારી જ લઘુકથામાં સક્રિય.

અન્ય સિધ્ધિઃ શેર અંતાક્ષરી કે જે ‘ચાલો ગુજરાત’ ૨૦૦૮ ન્યુ જર્સી ખાતે થઈ હતી તે સમય–ગાળામાં સંસ્થાના સહ સંચાલક હતા. હ્યુસ્ટન ખાતે થયેલ નાટ્યોત્સવમાં યાદગાર ભૂમિકા ભજવી હતી.

સાહિત્ય સરિતા વિષે કંઈકઃ ખુબ જ ગૌરવ. તેઓ જણાવે છે કે, ’કામધંધાને લીધે હ્યુસ્ટન છોડવુ પડ્યું તેનો અફસોસ છે.’

ગમતી વાતઃ મારી માતૃભાષાનુંસૌન્દર્ય.

એક શબ્દમાં સહેજ ફેર કરવાથી અર્થ સમુળગો બદલાઈ જાય્.

શાપ – સાપઃ શંકરના ગળામાંથી શાપ નીકળ્યો.

શંકરે ગળામાં સાપનો હાર પહેર્યો.

વારિ–વારીઃ મહેમાન માટે કળશમાં વારિ આણો.વારી– તમારા પર વારી જાઉં.

નળ –નરઃપાણી માટેનો નળ. નર – પાણી વગરનો નર.

ચાલ –ચાળઃ તું મારી સાથે ચાલ. ચાળ –તું આ લોટને ચાળ.

તેઓ લખે છે કે ,આવું વિચારશો તો ઘણુ બધુ આપણી ભાષામાં છે જે ગર્વ કરવા જેવી વાતો છે. આનું સંવર્ધન કરવું એ આપણી વાચક અને લેખક તરીકે ફરજ છે.

 શ્રી.અશોક પટેલ

**ટૂંકો પરિચય:** ૧૯૪૧ માં અમદાવાદમાં જન્મેલા શ્રી. અશોક પટેલ બી.એ.એલ.એલ.બી થયેલા છે. ૧૯૬૭માં ન્યુ લૉ કૉલેજમાં જનરલ સેક્રેટરી હતા. ફોટોગ્રાફીના શોખીન તથા નાટકોમાં ભૂમિકા ભજવવી અને દિગ્દર્શન કરવામાં વિશેષ અભિરુચિ. શેર, શાયરી, ગઝલ, જોક્સ અને ખાસ તો મુલ્લાં નસરૂદ્દીનના જોક્સ તેમની સ્પેશિયાલિટી ગણાય છે.

**સર્જનની શરૂઆત:** ૧૯૬૧–૬૨ માં, કૉલેજના વાર્ષિક અંકમાં લેખ લખીને કરી હતી.

**સર્જનપ્રવૃત્તિ:** ૧૯૭૮માં હ્યુસ્ટન આવ્યા બાદ, ૧૯૮૨–૮૩ દરમ્યાન ગઝલો લખેલી અને થોડાક અહેવાલો ગુજરાતી સમાજ ઓફ હ્યુસ્ટનના મુખપત્ર ‘દર્પણ’માં લખ્યા હતા.

**અન્ય સિધ્ધિઃ** અમદાવાદમાં, ‘નેપથ્ય’ અને ‘ગુજરાત સમાચાર’ આયોજિત એકાંકી નાટ્યસ્પર્ધામાં , શ્રી. મધુરાય લિખિત એકાંકિ ‘કાગડા–કાગડી અને માણસો’ માટે પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયેલું. આદિલ મન્સૂરિ લિખિત નાટક ‘પેન્સીલની કબર અને મીણબત્તી’ માં ભૂમિકા ભજવેલી. ‘હ્યુસ્ટન નાટ્યકલા વૃંદ’ ના કેટલાક નાટકોમાં મુખ્ય ભૂમિકા ઉપરાંત દિગ્દર્શન કરેલું. ‘હું જે કહીશ તે સત્ય જ કહીશ,’ ‘બાઈસાહેબ’, ‘પત્તાંની જોડ’ આમાં ઉલ્લેખનીય ગણી શકાય.

**ગમતી બે સ્વ–રચનાઓઃ**

એકલા ઉભા ઉભા કેટલું શરમાય છે?

કોને કોને યાદ કરી આટલું હરખાય છે!

આ નીતરતા આભ નીચે કેટલું ભીંજાય છે,

જોબન જુઓ તો એમનું, મદીરા જાણે છલકાય છે,

જરા સ્પર્શો જો એમને તો લજામણી જાણે લજવાય,

હવે બંધ કરો રચના 'અશોક',ક્યાં હવે કવિ જેવું જીવન જીવાય છે !

આટલી તાજગી ન હોય કદી સવારમાં

નક્કી એ મારા સ્વપ્નમાં આવી ગયા હશે

મંદીર–મસ્જીદમાં શું શોધતા હશે 'અશોક'

ઈશ્વર હ્રદયમાંથી ભાગી ગયા હશે.

 **શ્રી ધવલ હેમંત મેહતા**

**ટૂંકો પરિચયઃ** જન્મ વડનગરા નાગરકુટુંબમાં અને કલા ને સંસ્કૃતિનું તીર્થધામ જેવા ભાવનગરમાં ઉછેર. વ્યવસાયે એન્જીનીયર બનેલા ધવલ મહેતામાં સ્પોર્ટ્સ અને સાહિત્યનો શોખ સાથોસાથ ચાલે છે. નાની વયે માતા–પિતા ના શોખને લીધે ભારતમાં જ ઘણું ટ્રાવેલ કર્યું અને પરિણામે એ શોખ પણ નાનપણથી જ કેળવાયો.

**સર્જનની શરુઆતઃ** એનાલીટીકલ વિચારો સાથે ભાષા અને કલાનો સમન્વય, એવું જ કૈંક સર્જન થયું તેમની આસપાસ. મોસાળમાં સુગમ/કાવ્ય સંગીત અને ગઝલ સાંભળતાં સાંભળતાં શબ્દોનો મતલબ અને ગહન ભાવ સમજતા થયા. બસ, લગભગ તે જ સમયથી શબ્દસર્જન ચાલુ થયું. લગભગ કોલેજ સમય દરમ્યાન – 1994–1996.

**પ્રકાશિત પુસ્તકોઃ (website)**

'દવનિત' તખલ્લુસથી www.prateerbolgspot.com.

**અન્ય સિદ્ધિઃ** એક મરીન એન્જીનીઅર તરીકે વ્યવસાયિક જીવનની શરૂઆત કરી. વહાણવટું કરતાં દુનિયાના બધા સમુદ્ર ખેડ્યાં અને પૃથ્વી ફરતે પ્રદક્ષિણા કરી. એમ કરતાં અમેરિકા આવીને દુનિયાની સૌથી શક્તિશાળી એવી મીલીટરી સર્વિસ માટે US Coast Guard માં જોડાયાં અને ઈરાક સાથે યુદ્ધ દરમ્યાન વ્યવસાયિક ક્ષેત્રના તેમના કામને બિરદાવવા US Coast Guard નો શ્રેષ્ઠ પ્રકૃતિ–વાસ્તવિક સન્માન માટે Coast Guard Achievement Medal એનાયત થયો. FBI, Custom અને Navy સાથે કરેલા રહસ્યમય Search અને Rescue ઓપરેશનમાં ઘણા લોકોના જીવન બચાવ્યાનો એક

આત્મસંતોષ મેળવ્યો..

સાહિત્ય સરિતા વિષે બે શબ્દોઃ તેઓ જણાવે છે કે," સાહિત્ય સરિતા એક એવું મંચ, એક એવી વ્યાસપીઠ છે કે જ્યાં ગુજરાતી ભાષાના સંવર્ધન અને સર્જન માટે અથાગ પ્રયત્ન ચાલે છે અને મારા જેવા નવયુવાનો માટે માતૃભાષા વિષે ઘણું શીખવા મળે છે. મારે માટે તો એક એવી શાળા છે કે જ્યાં મેં હજી પાપા..પગલી માંડી છે, પણ શીખવા–રમવા માટે જાણે મોકળું મેદાન છે.

ગમતી બે સ્વ–રચનાઃ

તારું સપનું મારી આંખે શરુ થાય ને ,
મારું સપનું તારી આંખે પૂરું થાય
એમ દિવસની શરુઆત થાય.
હોઠ કાંઈ ના બોલે ને આંખો હંધુએ હમજે
આંખ્યુંના આવકારે દિવસની શરુઆત થાય.
ચોમાસાની ઋત હોય ને ભિંજાઈએ આપણે ઘરમાં
વરસાદના સથવારે દિવસની શરુઆત થાય.
પંચાંગ જોયા વગર ઉત્સવ ઉજવીએ,
ચાહ'ને ચુંબનને સથવારે દિવસની શરુઆત થાય.

-----------------------

જિંદગી જીવવા એક પ્રકરણ જોઈએ,
બે મન મળવા એક સમીકરણ જોઈએ.
હૈયે ચિતરી શકાય એવું,રંગીન એક વળગણ જોઈએ.
ગમ્મત ની રમત રમવા સારું,મજેદાર એક બાળપણ જોઈએ.
રગેરગમાં વહી શકે એવું, નશાદાર એક સગપણ જોઈએ.
આજે ખુદા સાથે તમારા વિશે ચર્ચા કરી,
વાતચીતનુ કૈંક કારણ પણ જોઈએ.
ચાલે છે આ મશરૂફ જિંદગી,ધારદાર કૈંક પળોજણ જોઈએ.
આમ તો રામદરબારે વિતે છે સાંજ,
"દવનિત" ને દિવસ ભાંગવા થોડી રામાયણ જોઈએ.

પ્રકરણ – ૬

# ગુજરાતી સાહિત્ય સરિતાના સર્જકોના પ્રસિદ્ધ થયેલાં પુસ્તકોના નામો.

| પુસ્તકનું નામ | પ્રકાર | સર્જક |
|---|---|---|
| શબ્દોને પાલવડે | કાવ્ય સંગ્રહ | દેવિકાબેન ધ્રુવ |
| અક્ષરને અજવાળે | કાવ્ય સંગ્રહ | દેવિકાબેન ધ્રુવ |
| નીતરતી સાંજ | કાવ્ય સંગ્રહ | સરયૂબેન પરીખ |
| Smile in Tear | કાવ્ય સંગ્રહ | સરયૂબેન પરીખ |
| Moist Petals | નવલકથા | સરયૂબેન પરીખ |
| એક ડગ ધરા પર | નવલકથા | પ્રવીણાબેન કડકિયા |
| જાગીને જોયુ તો | નવલકથા | પ્રવીણાબેન કડકિયા |
| જિગરના પપ્પા | નવલકથા | પ્રવીણાબેન કડકિયા |
| સંઘર્ષની સોડમા | નવલકથા | પ્રવીણાબેન કડકિયા |
| ગરમ ચાય | ટુંકી વાર્તા સંગ્રહ | પ્રવીણાબેન કડકિયા |
| અવસર | ટુંકી વાર્તા સંગ્રહ | પ્રવીણાબેન કડકિયા |
| અંતરનો અવાજ | કાવ્ય સંગ્રહ | પ્રવીણાબેન કડકિયા |
| મનોમંથન | આધ્યાત્મિક ચિંતન | હેમાબેન પટેલ |
| નિવૃત્તિની પ્રવૃત્તિ | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| નિવૃતિનું વિજ્ઞાન | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| અંતિમ સમયની આરાધના | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |

| | | |
|---|---|---|
| મન કેળવો તો સુખ | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| આપવુ એટલે પામવું | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| વીજળીનાં ઝબકારે | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| શબ્દ સ્પર્ધા | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| વસવાટ વિદેશે | હેતૂલક્ષી લખાણો | વિજય શાહ |
| ટહુક એકાંતનાં ઓરડેથી | નવલક્થા | વિજય શાહ |
| આંસુડે ચીતર્યા ગગન | નવલક્થા | વિજય શાહ |
| પત્તાનો મહેલ | નવલક્થા | વિજય શાહ |
| નદી ફેરવે વહેણ | નવલક્થા | વિજય શાહ |
| રઝળપાટ | નવલક્થા | વિજય શાહ |
| દુર્લક્ષ્ય | નવલક્થા | વિજય શાહ |
| કાવ્ય રસાસ્વાદ | કાવ્ય રસાસ્વાદ | વિજય શાહ |
| વિચાર વિસ્તાર | વિચાર વિસ્તાર | વિજય શાહ |
| ઉજળી રાતના કાળા પડછાયા | ટુંકી વાર્તા સંગ્રહ | વિજય શાહ |
| અમે પથ્થરના મોર કેમ બોલીએ? | ટુંકી વાર્તા સંગ્રહ | વિજય શાહ |
| ફરી પાછુ એજ પ્રશ્નાર્થ ચિન્હ? | ટુંકી વાર્તા સંગ્રહ | વિજય શાહ |

| | | |
|---|---|---|
| તારા વિના મારું શું થશે? | ટુંકી વાર્તા સંગ્રહ | વિજય શાહ |
| વૃત્ત એક વૃતાંત અનેક | ટુંકી વાર્તા સંગ્રહ | વિજય શાહ |
| હું એટલે તમે | કાવ્ય સંગ્રહ | વિજય શાહ |
| તમે એટલે મારું વિશ્વ | કાવ્ય સંગ્રહ | વિજય શાહ |
| મારા વિશ્વમાં આપણે | કાવ્ય સંગ્રહ | વિજય શાહ |
| તમે અને મારું મન | કાવ્ય સંગ્રહ | વિજય શાહ |
| વા ઘંટડીઓ | કાવ્ય સંગ્રહ | વિજય શાહ |
| દીપના અંધારે | કાવ્ય સંગ્રહ | પ્રદીપ બ્રહ્મભટ્ટ |
| હું અને મારી કલમ | કાવ્ય અને લેખ સંગ્રહ | અંબુભાઇ દેસાઇ |
| આનંદમયી બા | ટુંકી વાર્તા સંગ્રહ | ડૉ ઇંદુબેન શાહ |
| ભાસઆભાસ | કાવ્ય સંગ્રહ | ડૉ ઇંદુબેન શાહ |
| મન કલ્પ | કાવ્ય સંગ્રહ | મનોજ મહેતા હ્યુસ્તોનવી |
| કાવ્ય સુંદરીની સાથે સાથે | કાવ્ય સંગ્રહ | વિશ્વદીપ બારડ |
| બાળ ગગન વિહાર | લેખ સંગ્રહ | શૈલા મુન્શા |
| આશાદીપ | કાવ્ય સંગ્રહ | રમઝાન વીરાણી |
| શુષ્ક લાંબા રસ્તે | ગઝલ સંગ્રહ | અબ્દુલ રઝાક મેઘાણી "રસિક" |

| | | |
|---|---|---|
| ભીની ભીની આંખે | ગઝલ સંગ્રહ | અબ્દુલ રઝાક મેઘાણી "રસિક" |
| Path towards better living 2001 | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| વન વગડાની વાતો | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| વન વગડાનાં ફુલ | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| વન વગડાની વાટે વાટે | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| વાતોનું વાવેતર્ | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| હળવા હાસ્યનું પાનેતર | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| પ્લસ | લેખ સંગ્રહ | ધીરુભાઈ શાહ |
| હળવે હૈયે | હાસ્ય લેખો | ચીમનભાઈ પટેલ "ચમન" |
| હળવાશો આ ભારે ભારે | કાવ્ય સંગ્રહ | હિંમતભાઈ શાહ |
| દીલથી દીલ સુધી | કાવ્ય સંગ્રહ | વિશાલ મોણપરા |
| આધ્યાત્મિક કાવ્યો | કાવ્ય સંગ્રહ | મહમદ અલી પરમાર |
| પરાઈ ડાળનું પંખી’ | વાર્તા સંગ્રહ | નવીનભાઈ બેંકર |
| હેમવર્ષા | વાર્તા સંગ્રહ | નવીનભાઈ બેંકર |
| ’કલંકિત’ | વાર્તા સંગ્રહ | નવીનભાઈ બેંકર |

| | | |
|---|---|---|
| રંગભીની રાત્યુંના સમ’ | વાર્તા સંગ્રહ | નવીનભાઈ બેંકર |
| અરમાનોની આતશબાજી’ | વાર્તા સંગ્રહ | નવીનભાઈ બેંકર |
| પુષ્પગુચ્છ | કાવ્ય સંગ્રહ | સુરેશબક્ષી |

આ ઉપરાંત સ્વ.સુમનભાઈ અજમેરીના ૭૦ જેટલાં પુસ્તકો છે. સાહિત્ય સરિતામાં કેટલાંક સભ્યો એવાં પણ છે જેઓ લખે છે પણ પુસ્તક પ્રકાશિત કર્યાં નથી.તેમના વિચારોને,ભાવોને, નિયમિત રીતે મળતી બેઠકોમાં રજૂ કર્યાં છે. શ્રી દીપક ભટ્ટ,શ્રી મુકુન્દ ગાંધી, શ્રી પ્રશાંત મુનશા, શ્રી હેમંત ગજરાવાલા,શ્રી નિખિલ મહેતા,શ્રી નરેન્દ્ર વેદ, શ્રી પ્રકાશ મજમુદાર,શ્રી મધુસુદન દેસાઇ,શ્રીમતિ વર્ષા શાહ,શ્રી નિતીન વ્યાસ, શ્રીમતિ રક્ષાબેન પટેલ,શ્રીમતિ ગીતા પંડ્યા,શ્રીમતિ મંજુલાબેન પટેલ, શ્રી કિરીટ મોદી,શ્રી ભગવાનદાસ પટેલ વગેરે..

# પ્રકરણ– ૭

# સંસ્થાના સહાયકો

ખરેખર તો બધાં જ સભ્યો પોતપોતાની રીતે સહાયકો રહ્યાં છે પણ નીચેના સભ્યોની નોંધ લેતાં ખુબ આનંદ,ગૌરવ અને આભારની લાગણી થાય છે.

વેબ –સાઈટ સંચાલનઃ શ્રી વિશાલ મોણપરા.

તસ્વીરકારઃ શ્રી જયંત પટેલ, શ્રી નવીન બેંકર, શ્રી પ્રશાંત મુન્શા,
ડો.રમેશ શાહ અને શ્રી વિનોદ પટેલ.

અહેવાલોઃ શ્રી નવીન બેંકર, શ્રીમતિ શૈલા મુનશા, શ્રી વિશ્વદીપ બારડ, શ્રીમતિ દેવિકા ધ્રુવ, શ્રી ચીમન પટેલ, શ્રીમતિ પ્રવીણાબેન કડકિયા.

આર્થિક સહાયઃ સાહિત્ય સરિતાની સુદામાપુરીમાં કૃષ્ણ જેવા સભ્યો.
શ્રી હસમુખ દોશી, ડો.કોકિલા પરીખ, શ્રી બરકત ચારણિયા,
શ્રી રાહુલ ધ્રુવ, ડો રમેશ શાહ, શ્રી પ્રદીપ બ્રહ્મભટ્ટ, શ્રી વિજય શાહ,
શ્રી દીપક ભટ્ટ, એડ્વોકેટ રિદ્ધિબેન દેસાઈ, દીપક ભટ્ટ,
શ્રી મનસુખ વાઘેલા, શ્રી ચીમન પટેલ, ડો.કમલેશ લુલ્લા,
અને શ્રી નરેન્દ્ર વેદ.

વ્યવસ્થાપનઃ શ્રી ધવલ મહેતા, શ્રી નિખિલ મહેતા, શ્રી નરેન્દ્ર વેદ,
શ્રીમતિ દેવિકા ધ્રુવ, શ્રી દીપક ભટ્ટ, શ્રી નિતીન વ્યાસ,
શ્રી ફતેહઅલી ચતુર, શ્રી હેમંત ભાવસાર, શ્રી મુકુંદ ગાંધી,
શ્રી પ્રશાંત મુનશા.દરેક બેઠકમાં અલ્પાહાર/ભોજન પીરસવાના કાર્યમાં હંમેશા સહાયક તરીકેઃ ગીતાબેન ભટ્ટ, શૈલાબેન મુનશા ,મંજુલાબેન પટેલ.

'ગુજરાત ગૌરવ' નામના મેગેઝીનમાં સર્જકોની કૃતિઓને પ્રગટ કરી, વિના મૂલ્યે સૌને, તે મેગેઝીન વહેંચવાની સતત નિસ્વાર્થ સેવા આપનાર શ્રી નુરુદ્દીન દરેડિયા.

કાવ્યસર્જન માટે ઈમેઈલ દ્વારા વર્કશોપ સમુ કાર્ય કરી સર્જકોને પ્રેરિત
કરવા માટે ઉત્સાહી શ્રી ચીમન પટેલ,વિજય શાહ અને દેવિકા ધ્રુવ.

'ગુજરાતી સાહિત્ય સરિતા'ને જગમાં ફેલાવનાર શ્રી વિજય શાહ અને
વિશ્વદીપ બારડ.
'દશાબ્દિ મહોત્સવ'નું ભગીરથ કાર્ય ૨૦૧૧માં કુશળતાથી કરવા માટે
શ્રી રસેશ દલાલ, દેવિકા ધ્રુવ, વિજય શાહ.

સંસ્થાના હિસાબો વ્યવસ્થિત રાખનાર શ્રી હેમંત ગજરાવાલા,
પ્રશાંત મુનશા ,નરેન્દ્ર વેદ, સતીશ પરીખ.

પંદર વર્ષથી દર મહિનાની બેઠક માટે પોતાના આવાસમાં નિમંત્રિત
કરનાર સૌ સભ્યો.

આ પુસ્તિકા માટે જરૂરી માહિતી પૂરી પાડનાર સૌ સભ્યો. સવિશેષે
શ્રી દીપક ભટ્ટ, શ્રી વિજય શાહ, દેવિકા ધ્રુવ અને નવીન બેંકર.

પરિચય વિભાગ માટે સંકલન,લેખન અને ટાઈપીંગના કામ માટેઃ
શ્રી નવીન બેંકર અને દેવિકા ધ્રુવ.

પ્રકાશનના કામમાં 'ક્રીએટસ્પેસ' દ્વારા માર્ગદર્શન આપનાર શ્રી વિજય શાહ.

# પ્રકરણ – ૮ –

# ઉપસંહાર

હ્યુસ્ટન ગુજરાતીઓથી અને વિવિધ કલાના કસબીઓથી ધબકતું છે.પોતપોતાની રુચિ અનુસાર જુદા જુદા પ્રકારના વર્તુળો સાથે મળીને કમાલ કરતા રહે છે.છેલ્લાં પંદર વર્ષથી કલાના કોઈ ને કોઈ રૂપે અહીં માતૃભાષાની સતત ઊજવણી થતી આવી છે. દર મહિનામાં એક વખત નિયમિત રીતે મળતી આ બેઠકે ઘણાં ગુજરાતીઓની સર્જનશક્તિ ખીલવી છે અને વિકસાવી છે. તેનો હેતુ જ એ છે કે, ગુજરાતી ભાષાને જીવંત રાખવી અને વિવિધ રૂપે વિક્સાવવી. કવિ શ્રી આદિલ મનસુરી,અદમ ટંકારવી,રઈશ મનીઆર,પ્રીતિ સેનગુપ્તા,અશરફ ડબ્બાવાલા, મધુમતીબેન મહેતા, ડો.વિવેક ટેલર, નીલમબેન દોશી,સુમન શાહ,શોભિત દેસાઈ, અનીલ જોશી, અહમદ ગુલ,કૃષ્ણ દવે વગેરે અનેક મહાનુભવોની મુલાકાતે પણ મોટો ફાળો આમાં નોંધાવ્યો છે.

આ સાહિત્ય સરિતાના લગભગ ૨૫ થી ૩૦ જેટલાં સર્જકો કવિતા રચે છે, વાર્તાઓ લખે છે, સંયુક્ત નવલકથાઓ ઘડે છે, નાટકો ચોજે છે,સંગીત સર્જે છે, શેરાક્ષરી રમે છે, ઊજાણી કરે છે અને એ રીતે ગુજરાતી ભાષાને આદર સહિત વંદે છે. અવરોધોની વચ્ચે પણ એક સામૂહિક આનંદ માણે છે.ગુજરાતી સાહિત્ય સરિતા ઉપરાંત હ્યુસ્ટનના અન્ય પણ ગુજરાતી ગ્રુપ્સ છે જેવાં કે ગુજરાતી સમાજ, સીનીયરો સીટીઝનનું મોટું ગુજરાતી વર્તુળ, ગુજરાતી જૈન સેન્ટર, સ્વામી નારાયણ મંદીરનું ગુજરાતી વર્તુળ,ગુજરાતી નાટ્ય કલાકુંજ વગેરે પોતપોતાની રીતે ગુજરાતને ધબકતુંરાખે છે.

છેલ્લાં પંદર વર્ષના ઈતિહાસ પર અને **www.gujratisahityasarita.org.** પર વિહંગાવલોકન કરશો તો જણાશે કે, એમાં સતત પ્રવૃત્તિઓ છે, ક્રમે ક્રમે પ્રગતિ છે,છલ છલ છલકાતી સરસ્વતીની સમૃધ્ધિ છે અને હર કલાની સિધ્ધિ છે.આ એક એવો મંચ છે જેમાં સર્જક હોય કે ભાવક સૌને માટે અવકાશ છે.

અહીં શબ્દ સંધાન છે, ચમનના ફૂલો છે, બાળફૂલવાડી છે,’રસિક’ ગઝલોનો ગુલદસ્તો છે,શબ્દ–સુધા છે,અનુભૂતિનો અહેસાસ છે, મનોકલ્પ છે,હઝલ છે,વિચાર લહરી છે, ચિંતન–જગત છે.અહીં મન –માનસ–મનન છે,વન ઉપવન છે,મન સરવર છે,આધ્યાત્મિક કાવ્યો છે,હળવાશો ભારે ભારે છે!,સખીનો સથવારો છે,રસદીપ છે, ચિત્ર અને રંગ જગત છે,અંગત ડાયરીઓ છે,આકાશેથી ગુજરાત દર્શન છે, આશાદીપ છે,શેરાક્ષરીનું સંકલન છે,શબ્દોના પાલવ છે અને એ ઉપરાંત ઘણી બધી વ્યક્તિગત અભિવ્યક્તિઓ છે.

વિદેશમાં રહીને અંગ્રેજી ભાષાની સાથે સાથે ગુજરાતી ભાષાનું અને માતૃભૂમિનું જતન,સંવર્ધન,વિસ્તાર અને વિકાસ એ જ મુખ્ય હેતુ છે.







# ગુજરાતી સાહિત્ય સરિતાનાં સર્જકો

આ છે હ્યુસ્ટનના આંગણે ઊગેલો ગુજરાતી ભાષાનો તુલસીક્યારો, જેમાં રોજ અવનવા હસ્તે અક્ષર–જળનું સિંચન થયા કરે છે, વિવિધ વિચાર–કિરણોના તેજ પથરાયા કરે છે અને ભાવકો તથા સહાયકોની શીતળ હવા ભળ્યા કરે છે. એ રીતે માતૃભાષાનો છોડ લીલોછમ રાખવા પ્રયાસો થાય છે.આ નમ્ર અભિવ્યક્તિ સાથે,સૌ વાચકો અમારી આ શબ્દ–પૂજામાં આનંદપૂર્વક જોડાશે તેવી આશા છે.